સુવિચાર
શરીરમાં ચેતના છુપાયેલી છે. સૂતેલી ચેતનાને જગાડો, ''ચેતનવંતુ જીવન તંદુરસ્ત જીવન.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૯/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છાપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૪૪૨

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
GreenWoods

• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## ભાદરવાનાં અંતિમ દિવસોમાં ''હાથિયા'' નક્ષત્રમાં દે ધનાધન

# અમરેલી જિલ્લામાં અર્ધાથી લઈને ૨ ઈંચ વરસાદ

**જિલ્લામાં સરેરાશ વરસાદ પડયા બાદ પુનઃ મેઘાની પધરામણીથી ખેડૂતોમાં ખૂશીનો માહોલ**

**જિલ્લામાં સૌથી વધુ જાફરાબાદમાં ૨ ઈંચ અને બગસરામાં માત્ર ૫ મી.મી. વરસાદ**

**કુંકાવાવમાં પોણો ઈંચ, લાઠીમાં અર્ધો ઈંચ, લીલીયામાં દોઢ ઈંચ, અમરેલીમાં પોણો ઈંચ વરસાદ**

**કડાકા–ભડાકા અને પવન સાથે વરસાદ પડતાં ઠેકઠેકાણે પાણી ભરાયા**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા, પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા.૨૬
અમરેલીજિલ્લામાંસરેરાશ વરસાદપડયાબાદભાદરવાનાંઅંતિમ દિવસોમાંશરૂથયેલ "હાથિયા" નક્ષત્રમાં જિલ્લામાં ગઈકાલથી શરૂ થયેલ મેઘસવારી આજે સતત બીજા દિવસે યથાવતરહેલછે.
અમરેલીમાં આજે બપોરે અર્ધી કલાક બાદ સાંજનાં સમયે પણ અર્ધાથીએકકલાકસુધીકડાકા–ભડાકા અનેપવનસાથેવરસાદપડતાંરાત્રિનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## શ્રાધપર્વની ઉજવણીને લઈને માહોલ ગરમાયો

# બગસરાનાં સ્વામીનારાયણ મંદિરમાં વિવાદનાં પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

**મંદિરમાં પોલીસ બંદોબસ્તથી હરિભક્તોમાં નારાજગી**


બગસરા, તા.૨૬
બગસરા સ્વામિનારાયણ મંદિરમાં આજ રોજ યોજાનારા શ્રાદ્ધ પર્વમાંમંદિરનાટ્રસ્ટદ્વારાનોટિસજાહેર કરી અન્ય કોઈએ સભા ન કરવા જાહેર કરતા આજ રોજ મંદિરમાં નવા જૂની થવાના એંધાણ દેખાવા લાગ્યા જેના પગલે ટ્રસ્ટી મંડળ દ્વારા ગામમાં કાર્ડ વિતરણ થયા બાદ સમગ્ર કાર્યક્રમ રદ કરવામાં આવતા હરિભકતોમાં નારાજગીજોવામળીહતી.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા સ્વામિનારાયણ મંદિર ખાતે આજ રોજ ભગવાન સ્વામિનારાયણનાશ્રાદ્ધપર્વનીઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવેલ છે. સાથેસાથેમંદિરટ્રસ્ટદ્વારાજાહેરનોટિસ લગાડવામાંઆવેલહતી. કેમંદિરના

અનુસંધાન પાના ૬ ઉપર

www.headway.guru
9081241916
SUVARNA SAUBHAGYA UTSAV
અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯ સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

સહૃદયે શ્રધ્ધાંજલિ

સ્વ.રાણુબાબેન લખુભાઈ શેખવા
જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે. કેટલું નહિં કેવું જીવ્યા એ જ યાદ રહી જાય છે. આપનો દેહ તો વિલિન થયો છે, પરંતુ આત્મા કદી વિલય થતો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિ કદી વિસરશે નહી... ઈશ્વર આપનાં આત્માને પરમ શાંતિ અર્પે એવી અમારા સૌની પ્રાર્થના...
ભૂપતભાઈ નાગભાઈ શેખવા
ભગીરથભાઈ ભૂપતભાઈ શેખવા
ગજેન્દ્રભાઈ ભૂપતભાઈ શેખવા
નરેન્દ્રભાઈ ભૂપતભાઈ શેખવા
મહિપાલભાઈ ભગીરથભાઈ શેખવા
જયદેવીબેન ભગીરથભાઈ શેખવા
છત્રપાલભાઈ ગજેન્દ્રભાઈ શેખવા
મિતરાજભાઈ નરેન્દ્રભાઈ શેખવા
શેખવા પરિવારના જય સુર્યનારાયણ - બાબરા

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૨૭-૦૯-૨૦૨૪,શુક્રવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
■ કીડની
■ પ્રોસ્ટેટ
■ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
નામ નોંધાવવુ ફરજીયાત છે
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૮૯૨ ૨૩૦૦૦

## સામાન્ય વરસાદમાં પણ પાણીનાં ઝડપથી નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલનાં મેદાનમાં પાણી ભરાયું

જયાં બીમાર વ્યકિતઓની સારવાર થતી હોય તે સ્થળે વરસાદી પાણી ભરાતા રોગચાળાનો ખતરો વધી શકે

હોસ્પિટલનું સંચાલન ખાનગી ટ્રસ્ટને સોંપાયા બાદ પણ સુવિધા જોઈએ તેવી નથી

જિલ્લાની મુખ્ય હોસ્પિટલમાં જ સુવિધાઓનો અભાવ હોય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કેવી સ્થિતિ હશે

હોસ્પિટલનું સંચાલન કરનાર ટ્રસ્ટીઓએ પાણી નિકાલની ઝડપથી વ્યવસ્થા કરવી જરૂરી બની









અમરેલી, તા. ૨૬

અમરેલી ખાતે આવેલ જિલ્લાકક્ષાની અને પીપીપી ધોરણે ખાનગી ટ્રસ્ટને શ્રેષ્ઠ સુવિધા આપવાનાં વચન સાથે સોંપાયેલ સિવિલ હોસ્પિટલ (શાંતાબા જનરલ હોસ્પિટલ)નાં મેદાનમાં આજે સામાન્ય વરસાદમાં ગોઠણડૂબ પાણી ભરાતાં રોગચાળાનો ખતરો ઉભો થયો હતો.

જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં જિલ્લાભરમાંથી દર્દીઓ સારવાર અર્થે આવતાં હોય છે અને તે હોસ્પિટલની અંદર અને બહાર સ્વચ્છતાનો માહોલ હોવો જરૂરી હોય છે. પરંતુ ખાનગી ટ્રસ્ટને હોસ્પિટલનું સંચાલન સોંપાયા બાદ મહાકાય રૂપાળા કહી શકાય તેવા બિલ્ડીંગની હારમાળા ઉભી કરી દેવામાં આવી છે.

હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબો, આધુનિક મેડિકલ ઉપકરણોનો અભાવ જોવા મળી રહ્યો છે અને હવે વરસાદી પાણીનો ભરાવો થયો હોય દર્દીઓનાં હિતમાં ટ્રસ્ટીઓએ કામગીરી કરવી જોઈએ.

### ''દારૂ માટે દિવ જવાની જરૂર નથી''નાં શિર્ષક હેઠળ

## ખાંભાનાં ડેડાણ ગામે જાહેરમાં લાગેલ બોર્ડનો ફોટો વાયરલ કરનાર ૨ ઈસમોની અટકાયત કરાઈ

### અન્ય એક ઈસમની શોધોખળ શરૂ

અમરેલી, તા. ૨૬

ગત તા.૧૭ ના રોજ સોશ્યલ મીડીયામાં ખાંભા તાલુકાના ડેડાણ ગામનો એક કાળા કલરના બોર્ડ અંગેનો ફોટો વાયરલ થયેલ છે. જેમાં દારૂ માટે દિવ જવાની જરૂર નથી દારૂ ડેડાણમાં મળી જશે પોલીસ હપ્તા આપી ધંધો કરે છે તેવા શિર્ષક હેઠળ ફોટો વાયરલ થયેલ હોય. ઉપરોકત ફોટાઓ તેમજ મેસેજ બાબતે તપાસ કરતાં વાયરલ થયેલ ફોટો ખાંભા તાલુકાના ડેડાણ ગામનો હોય અને તે બોર્ડમાં કથીત રીતે દારૂની ભઠ્ઠી ચલાવી વેંચનાર ઈસમોના નામ લખેલ હોય. જે અનુસંધાને પોલીસ અધિક્ષક અમરેલી તથા મદદનીશ પોલીસ અધિક્ષક સાવરકુંડલા તરફથી થયેલ સુચનાઓ મુજબ બોર્ડમાં જણાવેલ ઈસમોને ત્યાં રેઈડ કરતા પ્રોહી. લગત કોઈ વાંધાજનક ચિજવસ્તુ મળી આવેલ ન હોય. જેથી કોઈક ઈસમે પોલીસની કામગીરી બાબતે ખોટા આક્ષેપો કરી લોકોને ગેરમાર્ગે દોરવાના હેતુથી તેમજ બદનામ કરવાના ઈરાદાથી તેમજ પોલીસની પ્રતિષ્ઠાને હાની પહોંચાડી તેમની છબીને ખરાબ કરવાના હેતુસર તેમજ બોર્ડમાં લખેલ ઈસમોને બદનામ કરવા આ જાહેરમાં બોર્ડ મુકવામાં આવેલ હોય. જેથી બોર્ડ મુકનાર ઈસમની તપાસ કરવી ખુબ જ જરૂરી હોય. જે અન્વયે બોર્ડ મુકનાર ઈસમની હ્યુન તેમજ ટેકનીકલ સોર્સીસના માધ્યમ દ્વારા તપાસ કરાવતા ધ્યાને આવેલ કે તે બોર્ડ તા.૧૭ ના રોજ સવારે ૬:૦૫ વાગ્યે પ્રવિણભાઈ નામથી સેવ નંબર વાળા વ્યકિતએ ગૃપમાં મુકી વાયરલ કરેલ. જે વ્યકિત પોતે જાણકાર વ્યકિત હોય અને તે બોર્ડ વાયરલ કરવાથી લોકોમાં રોષ ફેલાઈ અને સુલેહ શાંતિનો ભંગ થાય તેવાં ઈરાદે તેમજ બે કોમો વચ્ચે સુલેહ શાંતિનો ભંગ થાય એવું અથવા જેનાથી ભંગ થવાનો સંભવ છે. એવું જાણી જોઈને કૃત્ય કરી તેમજ ખોટી માહિતી, અફવા બોર્ડના માધ્યમથી પ્રસિધ્ધ કરી વાયરલ કરેલ હોય. જે વાયરલ કરનાર ઈસમ પ્રવિણભાઈ કાનાભાઈ પરમાર વાળાની પુછપરછ દરમ્યાન બોર્ડ લખી અને વાયરલ કરવામાં તેમને રાજુ અબ્દુલભાઈ નાગરીયા તથા શાહરૂખાન ઓસાભાઈ પઠાણ નામના ત્રણેય ઈસમોએ ભેગા મળી બોર્ડ મુકી વાયરલ કર્યા હોવાનું તપાસ દરમ્યાન જણાવેલ હોય. જેથી પ્રવિણભાઈ કાનાભાઈ પરમાર તથા રાજુભાઈ અબ્દુલભાઈ નાગરીયાની અટકાયત કરેલ છે. જયારે શાહરૂખખાન ઓસાખાન પઠાણની શોધખોળ આદરી છે.

### ''બુંબલા'' પ્રકારની મચ્છી બગડી જતા

## જાફરાબાદ બંદરે વરસાદનાં લીધે માચ્છીમારોને કરોડો રૂપિયાનું નુકસાન

### માચ્છીમાર સમાજનાં અગ્રણીએ સહાયની કરી માંગ

જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ બંદરે હાલમાં વરસાદના કારણે 'બુબલા' (બોમ્બે ડક) મચ્છી બગડી જવાથી કરોડની નુકશાની થયેલી છે, જાફરાબાદ એવું બંદર છે કે અહીં સુકવણી નો ધંધો છે, દરિયામાં દુર દુર થી બુબલા મચ્છી પકડી ને કિનારે લાવીને તેને બહેનો દ્વારા સુકવણી કરવામાં આવે છે, ત્રણ થી ચાર દિવસ તડકામાં સૂકવી ત્યાર બાદ તેને બંડલો બનાવી ને, દેશમાં તેમજ વિદેશમાં મોકલવામાં આવે છે પરંતુ આ સુકવણી દરમિયાન વરસાદ પડે તો આ મચ્છી બગડી જાય છે ત્યારે



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

તેને ફેંકવા માટે પણ મંજુરી આપવામાં આવે છે, એક બાજુ માછીમારો બેહાલ છે અને તેવામાં આવી રીતે વરસાદ થવાથી કરોડની નુકસાની વેઠવી પડે છે, સરકાર સહાય આપે તેવી માંગ કનૈયાલાલ સોલંકીએ કરી છે.

### વડિયા સિંચાઈ યોજનાનાં દરવાજા ખોલાતા

## વડિયા સહિતનાં ગ્રામ્ય વિસ્તારનાં નાગરિકોએ નદીના પટ્ટમાં અવર જવર ન કરવી

### સતત પાણીની આવક અને જાવક હોય સાવચેત રહેવું

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લાના વડીયા જળાશયના દરવાજાનું ઓપનિંગ ઘટાડો થશે. વડીયા સિંચાઈ યોજનાના બે દરવાજા ૦.૦૫ મી. ખૂલ્લા હતા તે આજે તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૪ વાગ્યે જળાશયમાં પાણીની આવકમાં વધારો થતાં જળાશયનું રૂલ લેવલ નિર્ધારિત સપાટી જાળવવા માટે આ જળાશયના દરવાજાનું ઓપનિંગ ઘટાડી એક દરવાજો ૦.૦૫ મી. કરવામાં આવ્યું છે, તેનો પ્રતિ સેકન્ડ પ્રવાહ ૧૦૬ કયુસેક છે.


આથી, અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના વડીયા, રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ચારણીયા, ચારણ સમઢીયાળા, થાણા ગાલોળ સહિતના ગ્રામ્ય વિસ્તારને અસર થઈ શકે છે. આ વિસ્તાર તેમજ આ વિસ્તારના નીચેના વિસ્તારોમાં વસતા નાગરિકોને નદીના પટ કે કાંઠા વિસ્તારમાં કે આજુબાજુના વિસ્તારોમાં અવર જવર ન કરવા અને સાવચેત રહેવા અનુરોધ છે.

હાલની સ્થિતિએ, જળાશયનું લેવલ ૧૩૦.૨૫ મીટર, ઉંડાઈ ૫.૦૫ મીટર જથ્થો ૫.૩૬૫૭ એમ.કયુમ, જીવંત જથ્થો ૫.૦૯૪૦ એમ.કયુમ છે. જળાશયમાં હાલમાં પાણીની આવક ૧૦૬ કયુસેક અને આઉટફલો ૧૦૬ કયુસેક છે. જળાશયના ડિઝાઈન સ્ટોરેજ ૫.૩૬૫૭ અને ડિઝાઈન સ્ટોરેજ પાણીની ટકાવારી ૧૦૦ છે, તેમ અમરેલી જળસિંચન વિભાગના, અમરેલી ફલડસેલ વાયરલેસના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

### સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયાની રજૂઆતથી

## ભૈ વાહ : બાબરા પંથકમાં રૂપિયા ૧૦.૨૦ કરોડનાં ખર્ચે માર્ગો બનાવાશે

### સમગ્ર પંથકમાં નાના-મોટા અનેક પ્રકારનાં વિકાસકાર્યોનો ધમધમાટ





અમરેલી, તા. ૨૬

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા બન્નેની જહેમત રંગ લાવી અને ૧૦ કરોડ ૨૦ લાખ જેટલી માતબાર રકમ વડે બાબરા તાલુકાના ખુશીનો માહોલ છવાયો છે. ગામડાંઓના રોડ રસ્તાઓ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાંથી મંજુર થતાં ગ્રામીણ ગામોના ખેડુતો, માલધારીઓએ લાઠી બાબરા વિસ્તારમાં હમેંશા ગાંધીનગરથી વિકાસના કામોની સરવાણી ચાલુ રહી છે. રાજયભરમાં ભાજપની વિકાસશીલ સરકાર વિકાસની અનેરી ભેટ આપી રહી છે. ત્યારે પોતાના મત વિસ્તારમાં કામો લાવવાની અનેરી કુશળતાના કસબી તળાવીયા તેમજ સુતરીયા એ પોતાના મત વિસ્તારના રોડ રસ્તાઓ તાત્કાલિક રિસરફેસ થાય તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ખૂબ જ ભારપૂર્વક રજૂઆત કરેલ, જે અન્વયે ૪ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા ૧૦ કરોડ ૨૦ લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે આ રકમમાંથી બાબરા તાલુકાના બાબરા વાંડળીયા ૬ કિલોમીટર રોડના ૧ કરોડ ૮૦ લાખ, વાવડા કલોરાણા ૪ કિલોમીટર રોડના ૧ કરોડ ૨૦ લાખ, લોનકોટડા થોરખાણ ૪.૫૦ કિલોમીટર રોડના ૧ કરોડ ૫૦ લાખ, ઈસાપર આંબલીધાર ૯ કિલોમીટર રોડના ૨ કરોડ ૭૦ લાખ, ગમા પીપળીયા મિયાખીજડીયા ૩ કિલોમીટર રોડના ૯૦ લાખ, ગમાપીપળીયા ચમારડી ૭ કિલોમીટર રોડના ૨ કરોડ ૧૦ લાખના એમ કુલ રૂા. ૧૦ કરોડ ૨૦ લાખની રકમ ફાળવવામાં આવેલ છે. આ તમામ રોડ-રસ્તાના રીસરફેસિંગ નું કામ ધારાસભ્ય જનક તળાવીયા તેમજ સાંસદ ભરત સુતરીયા એ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાંથી મંજૂર કરાવ્યા છે.

ત્યારે બાબરા પંથકમાં ગ્રામીણ ગામડાંઓના રસ્તાઓને સુંદર અને રણીયામણાં બની રહે તે માટે ફરી એકવાર ૧૦ કરોડ ૨૦ લાખ સરકારમાંથી મંજુરીની મહોર મળતા ગ્રામીણ ગામડાંઓના આ વિસ્તારની જનતા તેમજ અન્ય પ્રવાસીઓની સુખાકારીમાં વધારો કરવા અને સ્થાનિકોની રસ્તાઓની સમસ્યાનું નિરાકરણ લાવવામાં ધારાસભ્ય અને સાંસદની સફળતામાં વધુ એક મોરપીંછ સમાન યશકલગીનો ઉમેરો થયો હોવાનું સમર્પણ કાર્યાલયના ઈન્ચાર્જ વિજયભાઈ બારડની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સા.કુંડલામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્પર્ધાત્મક પરીક્ષા જાગૃતિ કસોટીનું આયોજન



સાવરકુંડલા, તા. ૨૬

તા. ૨૬/૯/૨૦૨૪ ના રોજ નુતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની જાગૃતિ કેળવાય તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના કેરિયર કાઉન્સેલિંગ અને ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે ઓનલાઈન પરીક્ષાનું આયોજન થયું, જેમાં ૧૦૦ એમ.સી.કયુ. પૂછવામાં આવ્યા. આ પરીક્ષામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ બહોળી સંખ્યામાં પરીક્ષા આપી. કોલેજમાં પરીક્ષાના કો-ઓર્ડીનેટર તરીકે પ્રા. છાયાબેન શાહે ભૂમિકા ભજવી. ટેકનિકલ માર્ગદર્શન કોલેજના કોમ્પ્યુટર ઓપરેટર જીજ્ઞાબેન બગડાએ આપ્યું. કિવઝમાં ભાગ લેવા માટે કોલેજના આચાર્ય ડી. એલ. ચાવડાએ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરૂં પાડયું. પરીક્ષાને સફળ બનાવવામાં કોલેજના સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓનો સહયોગ મળ્યો.

### 'વર્લ્ડ ફાર્માસિસ્ટ-ડે' નિમિત્તે

## અમરેલી જિલ્લા પંચાયતનાં ફાર્માસિસ્ટ એસો.દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

### દર્દીઓના હિતમાં કાર્ય કરવા સંકલ્પ લેવાયો

અમરેલી, તા. ૨૬

૨૫ સપ્ટેમ્બર એટલે કે વર્લ્ડ ફાર્માસિસ્ટ દિવસ નિમિત્તે જિલ્લા પંચાયતના ફાર્માસિસ્ટ એસોસિએશન રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહભેર ફાર્માસિસ્ટ કર્મયોગીઓએ રક્તદાન કર્યું હતું.

અમરેલીની રેડ ક્રોસ સોસાયટી ખાતે આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ફાર્માસિસ્ટ દ્વારા રક્તદાન કરી ફાર્માસિસ્ટ દિવસની અનોખી ઉજવણી કરી હતી. આ સાથે ફાર્માસિસ્ટ દ્વારા દરેક દર્દીને ઉચ્ચ ગુણવત્તા વાળી દવાઓ રિયલ ટાઈમ, રીયલ પર્સન અને રીયલ મેડિસિન મળી રહે તે માટે સંકલ્પ બદ્ધ થયા હતા.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.જોશી જિલ્લા આરસીએચઓ ડો. સાલવી તથા જિલ્લા કવોલીટી મેડિકલ ઓફિસર ડો.ઝાટ દ્વારા ફાર્માસિસ્ટ દિવસની શુભેચ્છા પાઠવી હતી.

અમરેલી જિલ્લા સર્વેલન્સ ઓફિસર ડો. સિંઘની ઉપસ્થિતિમાં આ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું



હતું. ઉપરાંત જીએમએસસીએલ વેરહાઉસ અમરેલીના મેનેજર મનીષભાઈ કુબાવત તથા સ્ટાફ, અર્બન હેલ્થ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફાર્માસિસ્ટ ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સ્ટેટ ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રતિનિધિ અમિતભાઈ ટાંકે પણ હાજરી આપી હતી. આ કેમ્પને સફળ બનાવવામાં અમરેલી પંચાયત ફાર્માસીસ્ટ એસોસિએશનનાં પ્રમુખ મનીષભાઈ ડોડીયા, ઉપપ્રમુખ પ્રતિક સેજપાલ અને મંત્રી જતીન લશ્કરી અને કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## દાહોદ ખાતે કાળજુ કંપાવનારી માસુમ દિકરીની હત્યાને લઈને રોષની આંધી

# રાજયનાં શૈક્ષણિક કેમ્પસમાં દિકરીઓની સુરક્ષા વધારો : કોંગ્રેસ

**પ્રદેશ કોંગી પ્રમુખ શકિતસિંહ ગોહિલની આગેવાનીમાં અમદાવાદ ખાતે રેલી યોજાઈ**

**રાજીવ ગાંધી ભવનથી શરૂ કરીને વિવેકાનંદજીની પ્રતિમા સુધી ન્યાય પદયાત્રા યોજાઈ**

**ભાજપનાં રાજમાં બેટી અસલામત હોવાનો કોંગી નેતાઓએ કર્યો આક્ષેપ**

**મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાનો અને આગેવાનો રેલીમાં જોડાયા**



અમદાવાદ, તા. ૨૬

સમગ્ર શિક્ષણ જગતને શર્મશાર કરતી અને કાળજુ કંપાવનારી દાહોદ ખાતે માસુમ દિકરીની હત્યા તથા રાજયમાં શૈક્ષણિક કેમ્પસમાં દિકરી પરના અત્યાચાર અંગે સઘન પગલા ભરવાની માંગ સાથે આજરોજ રાજીવ ગાંધી ભવનથી વિવેકાનંદજીની પ્રતિમા સુધીની ન્યાય પદયાત્રા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલના નેતૃત્વમાં યોજાઈ હતી. ન્યાય પદયાત્રામાં મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, કોંગ્રેસ પક્ષના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને બેટી બચાવો કોનાથી ? ભાજપથી....ભાજપથી... અને ભાજપ સરકારમાં સતત કથળી રહેલી કાયદો વ્યવસ્થાની સ્થિતિ પર ભારે સૂત્રોચ્ચાર સાથે જોડાયા હતા.

સરકાર બેટી પઢાઓની વાતો કરે છે પણ જે રીતની ઘટનાઓ બની રહી છે ત્યારે ગુજરાતના વાલીઓ અને જનતાને બેટી બચાવોની ફરજ પડી રહી છે. દાહોદ જિલ્લાના સિંઘવડમાં ૬ વર્ષની દિકરીની જે રીતે કરપીણ હત્યા થઈ છે તે સમગ્ર ગુજરાતને હચમચાવી નાખે તેમ છે. દિકરીને હત્યા કરનાર તેની શાળાના આચાર્ય હતા. કેટલાક ફોટો સામે આવ્યા છે તે ચોંકાવનારા છે. ગોવિંદ નટ્ટના સંઘના ગણવેશમાં શિબિરમાં ભાગ લેતા ફોટો જોવા મળ્યા છે અને વિહિન્દુ પરિષદની શિબિરમાં ભાગ લેતા જોવા મળે છે નરાધમ. શું સંઘ અને વીએચપી આ પ્રકારના લોકો માટે કોઈ વિરોધ દર્શાવશે ? શું ભાજપના બનાવટી લોકો, દાહોદની દિકરી માટે કેન્ડલ માર્ચ કાઢ સે ખરા? પાટણના બળાત્કારની ઘટનામાં ભાજપ યુવા મોરચાનો પદાધિકારી પકડાય, રાજકોટના આટકોટમાં વિદ્યાર્થિની જોડે બનેલ દુષ્કર્મમાં ભાજપના પદાધિકારીનું નામ આવે. આ ઘટનાઓ દર્શાવે છે કે ભાજપનો ખેસ પહેરો એટલે ગુનો કરવાનો પરવાનો મળે તેવું લાગે છે. ગુજરાત રાજયમાં દિકરીઓ ભાજપના કુશાશનમાં સુરક્ષિત નથી આ કિસ્સાઓથી વધુ એકવાર સ્પષ્ટ થાય છે. રાજયમાં બનેલ ઘટનાઓએ શિક્ષણજગતને શર્મસાર કરી છે અને વાલીઓને ચિંતામાં મૂકી દીધા છે કે ભરોસો મૂકવો કોની ઉપર?

સબ સલામત અને સુરક્ષિત ગુજરાતની માત્ર જાહેરાતો કરતી ભાજપના રાજમાં ગુજરાતની મહિલાઓ સુરક્ષિત નથી, બેટી બચાવોની માત્ર જાહેરાત જ છે. અપહરણ, બળાત્કાર, ઘરેલું હિંસા, દહેજ મુત્યુ અને શોષણ, મહિલાઓ પર એસિડથી પણ હુમલા, મહિલાઓનું ટ્રાફિકિંગ, મહિલાઓ સાઈબર ક્રાઈમ સહિતના ગુન્હાઓ થઈ રહ્યા છે. દેશમાં ૯ વર્ષમાં મહિલાઓ પર દુષ્કર્મના ૩ લાખથી વધુ અને ગુજરાતમાં ૫૫૬૦થી વધુ કેસ નોધાયા છે. મહિલા સુરક્ષાની વાતો-જાહેરાતો વચ્ચે ગુજરાતમાં સરેરાશ દર વર્ષે ૮૦૦૦ જેટલા મહિલા વિરૂધ ગુન્હાઓ નોધાય એટલે કે દર મહિને સરેરાશ ૬૭૦ થી વધુ અને દરરોજ ૨૨ થી વધુ મહિલા વિરૂધના ગુન્હાઓ નોધાય છે. ગુજરાતમાં દરરોજ ૬ દિકરીઓ પર બળાત્કારની ઘટનાઓ બને છે શું આ છે સલામત ગુજરાત?

સમગ્ર શિક્ષણ જગતને શર્મશાર કરતી અને કાળજુ કંપાવનારી દાહોદ ખાતે માસુમ દિકરીની હત્યા તથા રાજયમાં શૈક્ષણિક કેમ્પસમાં દિકરી પરના અત્યાચાર અંગે ભાજપ સરકાર કયારે સઘન પગલા ભરશે ? સમગ્ર ગુજરાત રાજયમાં વધતા જતા માસુમ દિકરીઓ પરના દુષ્કર્મ અને જાતીય સતામણીના વધતા કિસ્સા વાલીઓ માટે પણ ચિંતાનો વિષય છે. શાળા અને કોલેજોમાં વાલીઓ પોતાની દિકરીઓને અભ્યાસ કરવા મોકલે છે ત્યારે તેની સાથે જયારે આવી કાળજુ કંપાવનારી ઘટનાઓ બને ત્યારે શૈક્ષણિક સંકુલોમાં દિકરીઓની સલામતિ માટે ગંભીર પગલા ભરવાનો સમય પાકી ગયો છે. દાહોદ અને અન્ય શૈક્ષણિક સંસ્થામાં છેલ્લા ૧૦૦ કલાકમાં બનેલી ઘટનાઓ અંગે સંડોવાયેલા નરાધમો સામે કડકમાં કડક પગલાં ભરવા જોઈએ અને સમગ્ર કેસ ફાસ્ટ-ટ્રેકમાં ચલાવવામાં આવે જેથી દાખલારૂપ સજા થાય તે રીતે કાર્યવાહી કરવામાં આવે. દાહોદની શાળામાં આચાર્ય દ્વારા આચરેલું કૃત્ય શિક્ષણજગતને શર્મસાર કરે તેવી ઘટના છે. દાહોદની સાથે બોટાદ, અમદાવાદ, રાજકોટમાં શિક્ષણ સંસ્થાનમાં જાતીય સતામણીની ફરિયાદ ઉઠી છે ત્યારે કોની ઉપર ભરોસો મૂકવો તે સવાલ થાય છે. ગુજરાત રાજયમાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટી માત્ર કાગળ ઉપર છે. આ પ્રકારના બનાવોમાં શિક્ષણ વિભાગ લીપાપોતી કરવાને બદલે સંગીન પગલાં ભરે તેવી માંગ છે. કર્મયોગી જેવી અનેક તાલીમોમાં લાખો રૂપિયા ખર્ચી નાખવામાં આવે છે ત્યારે કઈ પ્રકારની તાલીમ આ કૃત્ય આચરનાર નરાધમ શિક્ષકો મેળવી રહ્યા છે?

વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિંમતસિંહ પટેલ, અ.મ્યુ.કોર્પો.ના નેતા શેહજાદખાન પઠાણ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતા સોનલબેન પટેલ, મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર, બિમલભાઈ શાહ, ગ્યાસુદ્દીન શેખ, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, અશોક પંજાબી, નિશિત વ્યાસ, રઘુ દેસાઈ, ડો. મનિષ દોશી, પંકજભાઈ શાહ, બળદેવભાઈ લુણી, રાજુભાઈ બ્રહ્મભટ્ટ, હેમાંગ રાવલ, હિમાંશુભાઈ પટેલ, પાર્થિવરાજસિંહ કઠવાડીયા, ઉમાકાંત માંકડ, ઈકબાલ શેખ, સી.એમ. રાજપુત, ભરતભાઈ મકવાણા, ભૂમન ભટ્ટ, કિરણ પ્રજાપતિ, કામિનીબેન સોની, જયોર્જ ડાયસ, જગદીશ રાઠોડ, હેતાબેન પરીખ, નેહલ દવે, ભીખુભાઈ દવે સહિત મોટી સંખ્યામાં કાર્યકરો, આગેવાનો દિકરીઓને ન્યાય મળે તે માટે ન્યાય પદયાત્રામાં જોડાયા હતા અને વિવેકાનંદજીની પ્રતિમા સમક્ષ બે મીનીટનું મૌન પાળીને દાહોદની ઘટનામાં દિકરીને ન્યાય મળે તે માટે શપથ લીધા હતા.

**એડવોકેટ જે.આર. વાળા, મેવાડા અને વસાણીની સફળ દલીલો**

## લાઠીનાં ચકચારી બનેલા હત્યા કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો






**૩ આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો**

અમરેલી, તા. ૨૬

લાઠી પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં-૩૦૨૬૨/૨૩થી આઈપીસી કલમ ૩૦૨, ૩૨૩, ૩૨૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ ગુન્હો દાખલ થયેલ જેમાં આરોપી તરીકે ગેંદાલાલ જોહરૂભાઈ મહેતા, ગીન્દરીયા જોરુભાઈ મહેડા, તથા નાનકીયા ઉર્ફે નાનકો ગેંદાલાલ મહેડા, મુજબ ગુન્હાનાં કામે આરોપી તરીકે અટક કરવામાં આવેલ. આ કામે ફરીયાદી તથા પંચો તથા અટક પંચો સાહેદો તથા સરકારી સાહેદો તથા એફએસએલ અધિકારી, પીએમ કરનાર ડોકટર તથા કેસનાં તપાસ કરનારન તપાસતા આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો અને બચાવ પક્ષે જે.આર. વાળા તથા એચ.આર. મેવાડા તથા એન.પી વસાણી રોકાયેલ હતાં.

**ધારી ખાતે ટીસી લઈ જતાં પહેલા ઓઈલ ચોરી લીધું**

## અમરેલીમાં પીજીવીસીએલનાં ટીસીમાંથી ૧૨૦ લીટર ઓઈલની ચોરી થતાં ફરિયાદ

**ચિરાગભાઈ બતાડા અને અજયભાઈ વિરૂધ્ધ ફરિયાદ**

અમરેલી, તા. ૨૬

અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ શિવ રેસીડેન્સીમાં રહેતા અને ધારી ખાતે આવેલ પીજીવીસીએલના સબ ડિવીજન કચેરી-૨માં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા અંકીતકુમાર હસમુખભાઈ વાળાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતા ખેતીવાડીના ગ્રાહકોના ફેઈલ ટી.સી. બદલાવવાના હોય. જે માટે અમરેલી ડિવીજન-૨ ના સ્ટોરમાંથી અલગ-અલગ કુલ-૭ ટી.સી. કોન્ટ્રાકટર વતી અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ ગુજકોમીલની પાછળ, ગોકુળનગરમાં રહેતા આરોપી ચિરાગભાઈ માધાભાઈ બતાડા તથા અજયભાઈ માધાભાઈ બતાડા દ્વારા સ્ટોરમાંથી કઢાવવામાં આવેલ. જે પીજીવીસીએલ ધારી-૨, સબ ડિવીજન ખાતે લઈ જતા પહેલા અમરેલી ગોકુળનગર ખાતે પોતાના ઘરે લઈ જઈ જે તે ટી.સી.માંથી ઓઈલની ચોરી કરી કુલ-૭ નવા ટી.સી. તથા અન્ય જુના ટી.સી. માંથી આશરે ૧૨૦ લીટર ઓઈલ જેની હાલની કિંમત રૂપિયા ૧૧,૭૬૦ની પોતાના અંગત ઉપયોગ અને પોતાનો આર્થિક ફાયદો મેળવવા સારૂ બદદાનતથી ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સબ ડિવીજન કચેરી-૨ના નાયબ ઈજનેરે પોલીસમાં નોંધાવી છે.





**બાબરામાં મકાન વેચવાનું છે**

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### અમિત શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું

# કલમ ૩૭૦ પરત લાવવાની હિંમત રાહુલ ગાંધીની ત્રણ પેઢીમાં પણ નથી

### જમ્મુ-કાશ્મીરને ચોક્કસ રાજ્યનો દરજ્જો મળશે, પરંતુ નરેન્દ્ર મોદી આપશે, અમિત શાહે જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધી

જમ્મુ, તા.૨૬

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવાર ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું, રાહુલ બાબા કહે છે કે અમે ૩૭૦ પાછી લાવીશું. હું આ મંચ પરથી કહેવા માંગુ છું કે રાહુલ બાબા તમારા શું, તમારી ત્રણ પેઢીઓ પાસે એટલી તાકાત નથી કે તે ૩૭૦ પાછી લાવી શકે.

અમિત શાહે વધુમાં કહ્યું કે મોદીજીની સરકારમાં ન તો પથ્થરમારો છે કે ન તો આતંકવાદ. રાહુલ બાબાએ ગઈ કાલે કહ્યું હતું કે અમે રાજ્યનો દરજ્જો આપીશું. દેશની સંસદમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પછી અમે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપીશું. જમ્મુ-કાશ્મીરને ચોક્કસ રાજ્યનો દરજ્જો મળશે, પરંતુ નરેન્દ્ર મોદી આપશે. ઓમર અબ્દુલ્લા અને રાહુલ બાબા કહે છે કે અમે કાશ્મીરમાં લોકશાહી લાવીશું, આ પરિવારોએ જમ્મુ-કાશ્મીરને ૭૦ વર્ષ સુધી વિભાજિત રાખ્યું. શું અહીં અગાઉ ચૂંટણી યોજાઈ હતી? આપણા નેતા મોદીજીએ આ કામ કર્યું છે. આ લોકોએ પોતાના જ લોકોને ટિકિટ આપીને પોતાના નેતાઓને નેતા બનાવી દીધા છે.

અમિત શાહે વધુમાં કહ્યું કે મારું હેલિકોપ્ટર અહીં લેન્ડ થવાનું હતું, પરંતુ લેન્ડ થઈ શક્યું નહીં. હું ઉધમપુર આવ્યો. મેં ડ્રાઈવરને પૂછ્યું કે અહીં પહોંચવામાં ૧ કલાક લાગશે, પરંતુ ડ્રાઈવરે કહ્યું કે રસ્તો સારો હોવાથી ૨૫ મિનિટ લાગશે. આ રોડ બનાવવાનું કામ મોદીજીએ કર્યું છે. તેણે આગળ પૂછ્યું કે શું અફઝલ ગુરુને ફાંસી આપવી જોઈતી હતી કે નહીં? જે પણ આતંક ફેલાવશે તેનો જવાબ ફાંસી દ્વારા જ આપવામાં આવશે. શિંદે સાહેબે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે હું મંત્રી હતો પણ લાલચોક આવતા ડરતો હતો, પણ આજે શિંદે સાહેબ, બુલેટ પ્રુફ વાહનની પણ જરૂર નથી, તમે તમારા પરિવાર સાથે આવો.અમિત શાહે વધુમાં કહ્યું કે જ્યારે ભાજપની સરકાર આવશે ત્યારે અમે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો વાર્ષિક હપ્તો ૬ હજારથી વધારીને ૧૦ હજાર કરીશું. જમ્મુમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ બનશે, જમ્મુમાં મેટ્રો આવશે. અમે દર વર્ષે આતંકવાદીઓ દ્વારા નાશ પામેલા ૧૦૦ મંદિરોનો જીર્ણોદ્ધાર કરીશું. અમે અગ્નિવીરોને ૧૦૦% નોકરીઓ આપવા માટે કામ કરીશું

### યોગીના ગઢમાં ભાજપનું ટેન્શન વધારશે ચિરાગ પાસવાન

# ૧૦ બેઠકો પર યોજાનારી પેટા ચૂંટણી લડવાની તૈયારી કરી

### NDA સાથે અમારું ગઠબંધન માત્ર બિહાર ચૂંટણી અને લોકસભા ચૂંટણી માટે જ છે : ચિરાગ પાસવાન

પટણા, તા.૨૬

બિહારની લોક જનશક્તિ પાર્ટી આગામી દિવસોમાં ઉત્તર પ્રદેશમાં ૧૦ બેઠકો પર યોજાનારી પેટા ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. તેના ભાગરૂપે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન આજે ઉત્તર પ્રદેશની મુલાકાતે છે. તેમણે કૌશાંબી જિલ્લામાં રેલીને સંબોધિત કરી રહ્યા છે. આ દરમિયાન તેઓ દલિત વર્ગની સાથે બીજા મતદારોને સાથે લાવવાનો પ્રયાસ કરશે. લોક જનશક્તિ પાર્ટીના ચિહ્ન પર જમુઈ બેઠકના સાંસદ અરુણ ભારતીએ ચિરાગ પાસવાનની મુલાકાત અંગે જણાવ્યું કે 'NDA સાથે અમારું ગઠબંધન માત્ર બિહાર ચૂંટણી અને લોકસભા ચૂંટણી માટે જ છે.' અન્ય રાજ્યોમાં દ્રઢ્ઢછ સાથે અમારી કોઈ સમજૂતી નથી અને હવે અમારું સંગઠન અહીં વિસ્તરી રહ્યું છે. કેટલાક લોકો ઉત્તર પ્રદેશમાં ચૂંટણી લડવા માંગે છે, જેના માટે અમે તૈયારી કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે, જે લોકો બંધારણ અને અનામતને જોખમમાં બતાવવાનો દાવો કરે છે તેને ચિરાગ પાસવાન જડબાતોડ જવાબ આપવા માટે સક્ષમ છે. લોક જનશક્તિ પાર્ટીના ઉત્તર પ્રદેશમાં ચૂંટણી લડવાથી દ્રઢ્ઢછ પર તેની અસર પડવા અંગે યુપી સરકારમાં મંત્રી અને દ્રઢ્ઢછના સહયોગી સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ઓમપ્રકાશ રાજભરે કહ્યું કે, તેની દ્રઢ્ઢછ પર કોઈ અસર નહીં પડે.

મંત્રી ઓપી રાજભરે કહ્યું કે, યુપીમાં લોજપાનું કોઈ સંગઠન નથી. તે પાર્ટી માત્ર બિહારમાં જ તેનું સંગઠન અને આંદોલન ચલાવી રહી છે તેનું ન તો સંગઠન છે કે ન તો અહીં તેનો જનાધાર છે. ઓમપ્રકાશ રાજભરે કહ્યું કે જે દલિત સમુદાયની એલજેપી વાત કરે છે તેમાં મોટા નેતા તરીકે માયાવતી પહેલાથી જ છે. દલિતોમાં બાકીની જે જાતિઓ છે તે જાતિઓમાંથી કેટલીક ભાજપ, કેટલીક સપા, કેટલીક બસપા અને કેટલીક કોંગ્રેસ સાથે અલગ-અલગ વહેંચાયેલી છે. જે કમ્યુનિટીની વાત લોજપા કરે છે એ જ કમ્યુનિટીના લોકો ભાજપ અને સપામાં ધારાસભ્ય અને સાંસદ પણ છે, તો હવે આ જાતિ યુપીમાં ભાજપ અને સપાને છોડીને લોજપાનું સમર્થન નહીં કરશે.

### પેટ્રોલ-ડીઝલના સસ્તા થવા અંગે આવ્યા મોટા અપડેટ

# પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં બે થી ત્રણ રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો થઈ શકે

### કેટલાક મહિનામાં કાચા તેલની કિંમતોમાં આવેલા ઘટાડાથી પેટ્રોલિયમ કંપનીઓના વાહન બળતણ પર નફામાં સુધાર આવ્યો

નવી દિલ્હી, તા.૨૬

ભારતમાં તહેવારોની સીઝન શરૂ થઈ ગઈ છે, ત્યારે તે પહેલા લોકોને રાહત મળી શકે છે. રેટિંગ એજન્સી ઈક્રાએ ગુરુવારે કહ્યું કે, હાલ કેટલાક મહિનામાં કાચા તેલની કિંમતોમાં આવેલા ઘટાડાથી પેટ્રોલિયમ કંપનીઓના વાહન બળતણ પર નફામાં સુધાર આવ્યો છે. તેનાથી સાર્વજનિક ક્ષેત્રની કંપનીઓને પેટ્રોલ તથા ડીઝલની કિંમતોમાં બે થી ત્રણ રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો કરવામા આવી શકે છે.

એજન્સીના જણાવ્યા અનુસાર, ભારત દ્વારા આયાત કરાતા કાચા તેલની કિંમત સપ્ટેમ્બરમાં અંદાજિત ૭૪ અમેરિકન ડોલર પ્રતિ બેરલ હતી, જે માર્ચમાં ૮૩-૮૪ અમેરિકન ડોલર પ્રતિ બેરલ હતી. પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં છેલ્લી વાર બે રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઈક્રાએ એક પ્રેસનોટમાં કહ્યું કે, કાચા તેલની કિંમતોમાં ઘટાડાની સાથે હાલના સપ્તાહમાં ભારતીય પેટ્રોલિયમ વિતરણ કંપનીઓ (ઓએમસી) માટે મોટર વાહન બળતણના વેચાણ પર નફામાં સુધાર આવ્યો છે. રેટિંગ એજન્સીઓનું અનુમાન છે કે, જો કાચા તેલની કિંમતો વર્તમાન સ્તર પર સ્થિર રહે છે તો રિટેલ બળતણના કિંમતોમાં ઘટાડાની શક્યતા રહેલી છે. ઈક્રાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ તેમજ ગ્રુપ પ્રમુખ ગિરીશ કુમાર કદમે કહ્યું કે, ઈક્રાનું અનુમાન છે કે સપ્ટેમ્બર, ૨૦૨૪ (૧૭ સપ્ટેમ્બર સુધી) આંતરાષ્ટ્રીય ઉત્પાદ કિંમતોની સરખામણીમાં ઓએમસીની શુદ્ધતા પ્રાપ્તિ પેટ્રોલ માટે ૧૫ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ માટે ૧૨ રૂપિયા પ્રતિ લીટર વધુ રહ્યું.

આ બળતણના રિટેલ વેચાણ મૂલ્ય માર્ચ, ૨૦૨૪ થી યથાવત છે. (૧૫ માર્ચ, ૨૦૨૪ ના રોજ પેટ્રોલ તથા ડીઝલના ભાવમાં બે રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કરવામાં આવ્યો હતો) અને એવું લાગી રહ્યું છે કે, જો કાચા તેલની કિંમત સ્થિર રહે છે તો તેમાં બે થી ત્રણ રૂપિયા પ્રતિ લીટરના ઘટાડાની શક્યતા છે.

કાચા તેલની કિંમતમાં ગત કેટલાક મહિનાથી ભારે ઘટાડો જોવા મળ્યો છે. જેનું મુખ્ય કારણ નબળી વૈશ્વિક આર્થિક વૃદ્ધિ તથા ઉચ્ચ અમેરિકન ઉત્પાદન છે. તો ઓપેક તેમજ સહયોગી દેશોએ ઘટી રહેલા કિંમતો સામે પહોંચી વળવા માટે પોતાના ઉત્પાદનમાં કાપને પરત લેવાના પોતાના નિર્ણયને બે મહિના માટે આગળ વધારી દીધું છે.

### ટ્રાયલ કોર્ટના જજ સામે તપાસનો આદેશ આપ્યો

# રેપ કેસમાં DNA રિપોર્ટ જોયા વગર જ સજા અપાઈ

### આ મામલો સગીર સાથે બળાત્કાર સાથે જોડાયેલો છે

ભોપાલ,તા.૨૬

મધ્યપ્રદેશ હાઈકોર્ટે એક અભૂતપૂર્વ કેસમાં ટ્રાયલ કોર્ટના જજ સામે તપાસનો આદેશ આપ્યો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે ન્યાયાધીશે તેમની ફરજ યોગ્ય રીતે નિભાવી નથી અને તેમના દ્વારા મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું નથી. વાસ્તવમાં આ મામલો સગીર સાથે બળાત્કાર સાથે જોડાયેલો છે. તે કેસમાં આરોપી આદિવાસી છે અને એવો આરોપ છે કે ન્યાયાધીશે ડીએનએ રિપોર્ટની અવગણના કરી હતી. આ જ ભૂલ પર એમપી હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે.ગત ૨૧ સપ્ટેમ્બરના રોજ તેમના ચુકાદામાં જસ્ટિસ વિવેક અગ્રવાલ અને દેવનારાયણ મિશ્રાએ કહ્યું હતું કે સ્પેશિયલ પોસ્કો જજ વિવેક સિંહ રઘુવંશી અને મદદનીશ ડિસ્ટ્રિક્ટ પ્રોસિક્યુશન ઓફિસર બીકે વર્માએ તેમની ફરજ નિભાવતી વખતે બેદરકારી દાખવી હતી. જેમ કે ૧૪ વર્ષની સગીરા સાથેના બળાત્કારના કેસમાં જે ચુકાદો આપ્યો તે યોગ્ય નથી. હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે બીકે વર્મા વિરુદ્ધ તપાસ હાથ ધરવામાં આવશે કારણ કે તેણે ટ્રાયલ યોગ્ય રીતે ચલાવી ન હતી. ડીએનએ રિપોર્ટને પણ અવગણવામાં આવ્યો હતો.

આના ઉપર જજ વિશે કહેવામાં આવ્યું હતું કે તેમણે કલમ ૩૧૩ હેઠળ આરોપીનું નિવેદન નોંધવું જોઈતું હતું. આને મોટી ભૂલ માનવામાં આવી રહી છે. હમણાં માટે, મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટને આ કેસમાં નવો ચુકાદો આપવા કહ્યું છે, એવું પણ કહેવામાં આવ્યું છે કે આરોપીઓને સાક્ષીઓની ઉલટતપાસ કરવાની તક મળવી જોઈએ. હવે હાઈકોર્ટે આ બધું એટલા માટે કહ્યું કારણ કે સુનાવણી દરમિયાન એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે પોલીસે ઢ્ઢદ્રછ રિપોર્ટ ટ્રાયલ કોર્ટમાં રજૂ કર્યો હતો. તે પછી જ તેની ફાઈલિંગને અવગણવામાં આવી હતી. જો કે, હાલમાં વધુ એક કેસ ચર્ચામાં છે જેમાં હાઈકોર્ટના જજને સુપ્રીમ કોર્ટ દ્વારા ઠપકો આપવામાં આવ્યો છે. હકીકતમાં એક કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટના જજે કર્ણાટકના એક વિસ્તારની પાકિસ્તાન સાથે સરખામણી કરી હતી, જેના પછી સુપ્રીમ કોર્ટે તેના પર સખત વાંધો વ્યક્ત કર્યો હતો અને હાઈકોર્ટના જજે માફી માંગવી પડી હતી.

### ચૂંટણી રેલીને સંબોધતા કેન્દ્રીય મંત્રી ગડકરીએ કહ્યું

# આ લોકોના સર્વાંગી કલ્યાણ માટેની ચૂંટણી, ભાજપ તેના માટે પ્રતિબદ્ધ

### ગડકરીએ કહ્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં દેશ બદલાઈ રહ્યો છે, કેટલીક જગ્યાએ એક્સપ્રેસ વે બનાવવામાં આવી રહ્યા છે

કુરુક્ષેત્ર, તા.૨૬

હરિયાણા વિધાનસભા ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. તે પહેલા થાનેસર (કુરુક્ષેત્ર) વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુભાષ સુધાની તરફેણમાં ચૂંટણી રેલીને સંબોધતા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, ''હરિયાણામાં ૫ ઓક્ટોબરે યોજાનારી વિધાનસભાની ચૂંટણી માત્ર ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની હરીફાઈ નથી, પરંતુ તે હરિયાણાના લોકોના સર્વાંગી કલ્યાણ માટે છે અને તેમની પાર્ટી તેના માટે પ્રતિબદ્ધ છે.'' ભાજપની આગેવાની હેઠળની સરકારમાં છેલ્લા ૧૦ વર્ષમાં દેશ અને હરિયાણામાં થયેલા વિકાસ કાર્યોને જોતા કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ કહ્યું કે, આ શક્ય બન્યું કારણ કે યોગ્ય સરકાર આવી અને યોગ્ય નીતિ બનાવવામાં આવી.

હરિયાણા અને પંજાબને અનાજના ભંડાર ગણાવતા ગડકરીએ કહ્યું કે, મહેનતુ ખેડૂતો અહીં એક એકરમાં જેટલું અનાજ ઉત્પન્ન કરે છે તે દેશના અન્ય કોઈ ખૂણે શક્ય નથી. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર ખેડૂતોની સમૃદ્ધિ માટે એક મોટી યોજના પર કામ કરી રહી છે. આ સાથે, ખેડૂત હવે માત્ર અન્ન પ્રદાતા જ નહીં પરંતુ ઉર્જા પ્રદાતા પણ બનશે.

નીતિન ગડકરીએ કહ્યું કે, જ્યારે તેઓ અહીં આવી રહ્યા હતા, ત્યારે તેમણે કેટલીક જગ્યાએ પરાળ સળગતા જોયા હતા. તેમણે કહ્યું કે, ''હું ખેડૂતોને અપીલ કરીશ કે, તેઓ પરાળ ન બાળે. હવે નવી ટેક્નોલોજી આવી ગઈ છે. આપણા દેશમાં પરાળમાંથી બાયો-સીએનજી અને બાયો-એલએનજી તૈયાર કરવા માટે લગભગ ૪૦૦ પ્લાન્ટ પ્રક્રિયા હેઠળ છે અને પંજાબ, હરિયાણા , પશ્ચિમ ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં ૬૦ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા છે. આ ઈંધણથી સ્કૂટર, કાર અને ટ્રક જેવા વાહનો ચલાવી શકાય છે.''

ગડકરીએ કહ્યું કે, ''છેલ્લા ૧૦ વર્ષમાં દેશ બદલાઈ રહ્યો છે. કેટલીક જગ્યાએ એક્સપ્રેસ વે બનાવવામાં આવી રહ્યા છે, તો કેટલીક જગ્યાએ રોપ-વે. કાશ્મીરથી કન્યાકુમારી સુધીના આ એક્સપ્રેસ વેને કારણે ભારતમાં પરિવહનની સરળતા વધી છે.'' તેમણે કહ્યું કે, ''હરિયાણાને દરેક જગ્યાએ હાઈવે અને એક્સપ્રેસ વે દ્વારા જોડવામાં આવી રહ્યું છે. હવે અહીંથી થોડા કલાકોમાં દિલ્હી અને મુંબઈ જવાનું સરળ બની ગયું છે.'' કુરુક્ષેત્ર સાથેના તેમના જોડાણને યાદ કરતા ગડકરીએ કહ્યું કે, ''ઘણા વર્ષો પહેલા પાર્ટીએ તેમને હરિયાણાની જવાબદારી સોંપી હતી અને તેઓ કુરુક્ષેત્ર, યમુનાનગરમાં ઘણા મહિનાઓ સુધી રહ્યા હતા.''

### દિલ્હી વિધાનસભામાં ભાજપ પર કેજરીવાલના પ્રહાર

# વડાપ્રધાન મોદી શક્તિશાળી છે પરંતુ ભગવાન નથી

### કેજરીવાલે કહ્યું કે દિલ્હીને અસ્થિર કરીને ભાજપ ખુશ છે, ભાજપે દિલ્હીના બે કરોડ લોકોનું જીવન બગાડ્યું છે

નવી દિલ્હી,તા.૨૬

પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી વિધાનસભામાં ગૃહને સંબોધિત કર્યું. ભાજપ પર નિશાન સાધતા કેજરીવાલે કહ્યું કે મને અને સિસોદિયાને જેલમાંથી બહાર જોઈને વિપક્ષ દુખી છે. પીએમ મોદી શક્તિશાળી છે પરંતુ તેઓ ભગવાન નથી બની શકતા. પૂર્વ સીએમ કેજરીવાલે કહ્યું કે દિલ્હીને સ્થિર કરીને ભાજપ ખુશ છે. ભાજપે દિલ્હીના બે કરોડ લોકોનું જીવન બગાડ્યું છે. કેજરીવાલે ભાજપને કહ્યું કે અમે ૫૦૦ મોહલ્લા ક્લિનિક બનાવ્યા છે, તો તમે ૫ હજાર બનાવો. તમને કોણે રોક્યા છે? કેજરીવાલે કહ્યું કે જે કામ ભાજપે બંધ કરી દીધું છે તે હું ફરી શરૂ કરીશ. હું દિલ્હીના લોકોને પરેશાન નહીં થવા દઉં. રાવણનું અભિમાન પણ ટકી શક્યું નહીં. દિલ્હીની જનતા ચૂંટણીમાં ભાજપને જડબાતોડ જવાબ આપશે. ભાજપના લોકોએ અમારા પક્ષના વરિષ્ઠ નેતાઓને ખોટા કેસ કરીને જેલમાં ધકેલી દીધા છે. ભાજપે મને બેઈમાન સાબિત કરવામાં કોઈ કસર છોડી નથી.અરવિંદ કેજરીવાલે કહ્યું કે હું જેલમાં ગયા પછી દિલ્હીના રસ્તાઓનું સમારકામ થયું નથી. આજે અમે જનતાને વચન આપ્યું છે કે રસ્તાઓનું સમારકામ કરવામાં આવશે. પીએમ મોદી પર નિશાન સાધતા કેજરીવાલે કહ્યું કે ૭૫ વર્ષ પૂરા થવા પર ભાજપે લાલ કૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી સહિત અનેક નેતાઓને ઘરે બેસાડી દીધા. નરેન્દ્ર મોદીને આ નિયમ કેમ લાગુ પડતો નથી? દિલ્હી વિધાનસભા સત્ર દરમિયાન અરવિંદ કેજરીવાલે કહ્યું કે દિલ્હીના લોકોના મનમાં બે વસ્તુઓ છે. પ્રથમ, કેજરીવાલ કટ્ટર પ્રમાણિક છે અને બીજું, કેજરીવાલ જનતા માટે કામ કરે છે. મારી સામે બનાવટી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. બધાને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. અમારી પાર્ટીના ૫ મોટા નેતાઓને જેલમાં ધકેલી દીધા પછી પણ અમારી પાર્ટી મજબૂત છે.કેજરીવાલે કહ્યું કે હું ૩-૪ દિવસ પહેલા ભાજપના એક મોટા નેતાને મળ્યો હતો. મેં તેને પૂછ્યું કે મારી ધરપકડ કરીને તમને શું મળ્યું? કહ્યું કે તમારા કારણે અમે આખું દિલ્હી સ્થગિત કરી દીધું છે. મને આઘાત લાગ્યો કે તેઓ દેશની રાજધાનીના ૨ કરોડ લોકોની જિંદગી બગાડીને ખુશ છે. તેમનો ઉદ્દેશ્ય આમ આદમી પાર્ટીની સરકારને બદનામ કરવાનો હતો જેથી તેઓ મત મેળવી શકે. ભાજપ ૨૭ વર્ષથી દિલ્હીમાં વનવાસ ભોગવી રહ્યો છે. હવે તેઓ દિલ્હીની જનતાને હેરાન કરીને વોટ મેળવવા માંગે છે. તમારી પાસે કેન્દ્ર સરકાર છે. કેન્દ્ર સરકાર પાસે પુષ્કળ નાણાં છે. કેજરીવાલ ૫૦૦ મોહલ્લા ક્લિનિક્સ બનાવે છે તમારે દિલ્હીમાં ૫૦૦૦ મોહલ્લા ક્લિનિક્સ બનાવવા જોઈએ. તમને કોણ રોકે છે? જનતા બહુ સમજદાર છે. જનતા જુએ છે અને મૌન રહે છે. વોટિંગના દિવસે જ્યારે તે બટન દબાવવા જાય છે ત્યારે તે પોતાનો ગુસ્સો વ્યક્ત કરે છે.

### જેલની સજા અને દંડ ફટકાર્યો

# ૧૦૦ કરોડની માનહાનિના કેસમાં સંજય રાઉત દોષી જાહેર!

### ૧૫ દિવસની જેલની સજા અને ૨૫ ૦૦૦ રૂપિયાનો દંડ

મુંબઈ,તા.૨૬

ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતને ભાજપના નેતાની પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીના નેતા કિરીટ સોમૈયાના પત્ની ડૉ. મેધાએ સંજય રાઉત વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં આજે ગુરુવારે મઝગાંવ કોર્ટે સંજય રાઉતને માનહાનિના દાવામાં દોષી ઠેરવ્યા છે. ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે આરોપ લગાવ્યો હતો કે, સોમૈયા દંપતી શૌચાલય બનાવવા માટેના ભંડોળનો દુરુપયોગ કરીને ૧૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં સામેલ હતા. આ પછી ડૉ. મેધા કિરીટ સોમૈયાએ સંજય રાઉતને માફી માંગવા કહ્યું હતું અને આવું ન કરતાં તેમણે ૧૦૦ કરોડ રૂપિયાની માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

માનહાનિના આ કેસમાં સંજય રાઉતને દોષી ઠેરવવામાં આવ્યા છે. મઝગાંવની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ૨૫મી અદાલતે ડૉ. મેધા કિરીટ સોમૈયાની ફરિયાદ પર સુનાવણી કર્યા બાદ આ ચુકાદો આપ્યો છે. કોર્ટે સંજય રાઉતને ૧૫ દિવસની જેલ અને ૨૫ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી છે. સંજય રાઉતને IPC કલમ ૫૦૦ હેઠળ સજા સંભળાવવામાં આવી છે.

# શેરબજાર રેકોર્ડ ઉંચાઈ પર બંધ, સેન્સેક્સમાં ૬૬૬ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ, તા.૨૬

કારોબારી સપ્તાહના ચોથા દિવસે શેરબજાર રેકોર્ડ ઊંચાઈ પર બંધ થયું હતું. BSE પર સેન્સેક્સ ૫૫૮ પોઈન્ટના ઉછાળા સાથે ૮૫,૭૨૮.૦૯ પર બંધ રહ્યો હતો,તો NSE પર નિફ્ટી ૦.૬૮ ટકાના વધારા સાથે ૨૬,૧૮૨.૨૦ પર બંધ થયો. ૨૬ સપ્ટેમ્બરે, ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો મજબૂત નોંધ પર બંધ થયા અને નિફ્ટીએ પ્રથમ વખત ૨૬,૨૦૦ની સપાટી વટાવી.આજના ટ્રેડિંગ દરમિયાન, મારુતિ સુઝુકી, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, નેસ્લે નિફ્ટી પર ટોપ ગેનર્સની યાદીમાં સામેલ હતા, જ્યારે ONGC, સિપ્લા, ડિવિસ લેબ્સ, હીરો મોટોકોર્પ, પાવર ગ્રીડ કોર્પ ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતા.

સેક્ટરમાં મેટલ, ઑટો ૧-૧ ટકા વધ્યા હતા, જ્યારે FMCG, PSU બેંક અને IT ૦.૫-૦.૫ ટકા વધ્યા હતા.જો કે રિયલ્ટી, ફાર્મા, પાવર, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ ૦.૫-૦.૫ ટકા ઘટ્યા છે. BSE મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫-૦.૫ ટકા ઘટ્યા છે. ભારતીય રૂપિયો બુધવારના ૮૩.૬૦ની સરખામણીએ ગુરુવારે ૪ પૈસા નબળો પડીને ૮૩.૬૪ પ્રતિ ડૉલર પર બંધ થયો હતો. કારોબારી સપ્તાહના ચોથા દિવસે શેરબજાર સપાટ ખુલ્યું હતું. મ્જીઈ પર સેન્સેક્સ ૪૪ પોઈન્ટના વધારા સાથે ૮૫,૨૧૪.૦૯ પર ખુલ્યો હતો. તે જ સમયે, દ્ગજીઈ પર નિફ્ટી ૦.૦૫ ટકાના વધારા સાથે ૨૬,૦૧૭.૪૦ પર ખુલ્યો હતો.

### દેશભરના પ્રવાસીઓ આવશે ગુજરાત

# ગરવી ગુજરાત ભારત ગૌરવ ટ્રેન શરૂ થશે

### ગરવી ગુજરાત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ દિલ્હીથી લીલી ઝંડી બતાવી રવાના કરાશે

અમદાવાદ,તા.૨૬

દેશવાસીઓને ભવ્ય ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાની ઝલક આપવા અને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)દ્વારા દેશમાં સમયાંતરે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનોનું સંચાલન કરવામાં આવે છે. આ કેટેગરીમાં ''ગરવી ગુજરાત'' ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન IRCTC ચલાવશે. ગરવી ગુજરાત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ દિલ્હીથી લીલી ઝંડી બતાવી રવાના કરાશે. ઈન્ડિયન રેલવે એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન 'જુઓ પોતાનો દેશ' હેઠળ પૂર્વોત્તર રાજ્યોની મુસાફરી કરવા માટે એક ખાસ ટ્રેન (Special Train)ની શરુઆત કરવા જઈ રહી છે. ''ગરવી ગુજરાત'' ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેનની આખી સફર ૧૦ દિવસની છે. આ સમય દરમિયાન પ્રવાસીઓ આ ટ્રેન દ્વારા સોમનાથ, નાગેશ્વર જ્યોતિર્લિંગ, દ્વારકાધીશ મંદિર અને મહાકાલી મંદિર જેવા પ્રખ્યાત મંદિરોની મુલાકાત લઈ શકશે. આ ઉપરાંત તે પ્રવાસીઓને ઐતિહાસિક કીર્તિ તોરણ (વડનગર), મોઢેરા સૂર્ય મંદિર, રાની કી વાવ અને દીવ કિલ્લા જેવા હેરિટેજ સ્થળો પર પણ લઈ જશે. દેશભરના ૨૪ રાજ્યોમાં ૧૮૦ થી વધુ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનો ચલાવવામાં આવી છે. ગરવી ગુજરાત'' ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન ઘણી બધી અત્યાધુનિક મુસાફરોની સુવિધાઓથી સજ્જ છે. આ ટ્રેનમાં મુસાફરો માટે બે ડાઈનિંગ રેસ્ટોરન્ટ અને આધુનિક રસોડું છે. તેના કોચમાં શાવર ક્યુબિકલ્સ, સેન્સર આધારિત વૉશરૂમ ફંક્શન અને ફૂટ મસાજર પણ છે. આ સંપૂર્ણ વાતાનુકૂલિત ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી અને થર્ડ એસી સુવિધાઓ ઉપલબ્ધ છે. ટ્રેનના દરેક કોચમાં CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે અને સુરક્ષા ગાર્ડની પણ જોગવાઈ છે. આ ટ્રેનની ક્ષમતા ૧૫૦ મુસાફરોની છે. પ્રવાસીઓ દિલ્હી સફદરજંગ, ગુડગાંવ, રેવાડી, રિંગાસ, ફુલેરા, અજમેર રેલવે સ્ટેશનો પર આ પ્રવાસી ટ્રેનમાં ચઢી અને ઉતરી શકે છે. ''ગરવી ગુજરાત'' ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેનનું આ પેકેજ ૧૦ દિવસનું રહેશે. આ સમય દરમિયાન પ્રવાસીઓ આ ટ્રેન દ્વારા સોમનાથ, નાગેશ્વર જ્યોતિર્લિંગ, દ્વારકાધીશ મંદિર અને પાવાગઢના મહાકાલી મંદિર જેવા પ્રખ્યાત મંદિરોની મુલાકાત લઈ શકશે. આ ઉપરાંત તે પ્રવાસીઓને ઐતિહાસિક કીર્તિ તોરણ (વડનગર), મોઢેરા સૂર્ય મંદિર, રાની કી વાવ અને દીવ કિલ્લા જેવા હેરિટેજ સ્થળો પર પણ લઈ જશે. દિલ્હીથી રવાના થયા પછી, આ ટ્રેનનું પ્રથમ સ્ટોપ અમદાવાદ હશે, જ્યાં પ્રવાસીઓ ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતીના અવસરે સાબરમતી આશ્રમની મુલાકાત લઈ શકશે અને અક્ષરધામ મંદિરની મુલાકાત લઈ શકશે. ત્યાર બાદ ટ્રેનનું આગલું મુકામ વિશ્વ પ્રસિદ્ધ મોઢેરા સૂર્ય મંદિર, રાની કી વાવ અને મોઢેરા-પાટણમાં આવેલ સહસ્ત્રલિંગ તળાવ હશે. આ પછી આ ટ્રેન ગુજરાતના વડનગર પહોંચશે, જ્યાં પ્રવાસીઓ હાટકેશ્વર મંદિર, કીર્તિ તોરણ અને શર્મિષ્ઠા તળાવ જેવા પર્યટન સ્થળોની મુલાકાત લઈ શકશે અને પ્રખ્યાત વડનગર રેલવે સ્ટેશન પણ જોઈ શકશે. વડનગર બાદ ટ્રેનનું આગામી સ્થળ વડોદરા રહેશે. વડોદરાથી એક દિવસની સફર દરમિયાન પ્રવાસીઓ મહાકાળી મંદિર (શક્તિપીઠ) અને પાવાગઢ હિલ્સમાં આવેલા ચાંપાનેર પાવાગઢ પુરાતત્વ પાર્ક (યુનેસ્કો)ની મુલાકાત લેશે. આ પછી ટ્રેન કેવડિયા રેલવે સ્ટેશન જશે. કેવડિયા સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' માટે પ્રખ્યાત છે. અહીં પ્રવાસીઓને લેસર શો પણ બતાવવામાં આવશે. કેવડિયા બાદ ટ્રેનનું આગામી સ્થળ સોમનાથ રહેશે. ટ્રેન વેરાવળ રેલ્વે સ્ટેશન પહોંચશે અને પ્રવાસીઓ સોમનાથ મંદિર અને સોમનાથ બીચની મુલાકાત લેશે. ટ્રેનનું આગામી સ્ટોપેજ દીવ હશે, જ્યાં પ્રવાસીઓ દીવ કિલ્લો, આઈએનએસ કુકરી અને દરિયાકિનારાની મુલાકાત લેશે. ટ્રેનનું છેલ્લું સ્ટેશન દ્વારકા છે, અહીં મુસાફરો દ્વારકાધીશ મંદિર, નાગેશ્વર જ્યોતિર્લિંગ અને બેટ દ્વારકાના દર્શન કરી શકશે. મુસાફરીના ૧૦મા દિવસે ટ્રેન દિલ્હી પરત ફરશે. આ સમગ્ર પ્રવાસમાં પ્રવાસીઓ અંદાજે ૩,૫૦૦ કિલોમીટરની મુસાફરી કરશે.

### મોદી સરકાર પર રાહુલ ગાંધીનો પ્રહાર

# યુવાનો ખેતર વેચીને અથવા વ્યાજે પૈસા લઈ અમેરિકા જઈ રહ્યા છે

## કોંગ્રેસ સત્તામાં આવી તો મોદીએ જેટલું ધન અદાણી-અંબાણીને આપ્યું, તેટલું ધન અમે ખેડૂત, ગરીબ, યુવા અને મહિલાને આપીશું

કરનાલ, તા. ૨૬

જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી પ્રચાર કર્યા બાદ વિપક્ષ નેતા હવે હરિયાણા પહોંચ્યા છે. હરિયાણાના કરનાલથી વિધાનસભા ચૂંટણીના પ્રચાર રેલીને સંબોધતાં રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમજ હરિયાણાના વિકાસનુ વચન આપ્યું હતું.

કોંગ્રેસ સત્તામાં આવી તો મોદીએ જેટલું ધન અદાણી-અંબાણીને આપ્યું, તેટલું ધન અમે ખેડૂત, ગરીબ, યુવા અને મહિલાને આપીશું. ખેડૂતો દેશને ભોજન આપે છે પણ પાકના યોગ્ય ભાવ નથી મળતા. માથે દેવુ વધતુ જાય છે. બીજી તરફ ખેડૂતોની કમાણીના પૈસા પણ અદાણી-અંબાણીના ખિસ્સામાં જાય છે. અમારી સરકાર ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ અપાવશે. ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર અને બે લાખ યુવાનોને નોકરી આપીશું. નરેન્દ્ર મોદી ભગવાન સાથે કનેક્શન બતાવે છે, પણ ભગવાને તેમને સબક શિખવાડ્યો, અયોધ્યામાં હાર્યા.

હરિયાણાની પ્રજાને ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ આપવાનું વચન આપતાં નવા જ વિકસિત હરિયાણાનો ઉદય કરવાની ગેરેંટી આપતાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, થોડા સમય પહેલાં જ હું અમેરિકાના ટેક્સાસમાં ગયો હતો. ત્યાં હરિયાણાના યુવાનો સાથે મળ્યો. હરિયાણામાંથી ૧૫થી ૨૦ હજાર લોકો અમેરિકામાં છે. તેમાંથી ઘણા લોકો ડંકી મારફત અમેરિકા પહોંચ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

અમુક યુવાનો ખેતર વેચી અથવા વ્યાજે પૈસા લઈ અમેરિકા જઈ રહ્યા છે. આટલી બધી મુશ્કેલીઓનો સામનો કરી વિદેશ જવા પાછળનું કારણ હરિયાણામાં પર્યાપ્ત તકો ન હોવાનું જાણવા મળ્યું છે.

હરિયાણાથી અમેરિકા જવાનો ખર્ચ ૩૫ લાખથી શરૂ થાય છે, ત્યારે હરિયાણાના યુવાનોને રાહુલ ગાંધીએ કહ્યું કે, આટલા રૂપિયામાં તો તમે હરિયાણામાં જ બિઝનેસ શરૂ કરી દીધો હોત. તો તેનો જવાબ આપતાં યુવકોએ કહ્યું કે, હરિયાણામાં અમારા માટે કશું જ બચ્યુ નથી. તેમના માટે તમામ દરવાજાઓ બંધ છે. કોઈ તકો મળી રહી નથી. પરિવારથી દૂર વિદેશમાં જઈ ગુજરાન ચલાવી રહ્યા છે. હું ખૂબ ભાવુક થઈ ગયો. હરિયાણ સરકારે પરિવારોને બરબાદ કરી દીધા છે. કોંગ્રેસ તમામના આંસૂ લૂછશે. વડાપ્રધાન મોદી અને હરિયાણા સરકારે સિસ્ટેમેટિકલી રોજગાર જ ખતમ કરી દીધો છે.

વડાપ્રધાન મોદી કાળો કાયદો અમલમાં મૂકે છે. તેઓ ધનિકોનું દેવું તો માફ કરી દે છે. પરંતુ ખેડૂતોની મૂડી સુધ્ધા છીનવી રહ્યા છે. હરિયાણામાં ડ્રગની સમસ્યા વધી છે. પરંતુ કોઈને સજા મળી નથી. નોટબંધી અને જીએસટીના બોજો હેઠળ ખેડૂતો અને નાના વેપારીઓનું શોષણ કર્યું છે. વેપાર-ધંધાને તાળા મારી દેવાની સ્થિતિ આવી છે.

કોંગ્રેસે હરિયાણામાં બાળકોના વિકાસ અને મહિલાઓના સશક્તિકરણ પર ભાર મૂકવાની ગેરેંટી આપી છે. ૨ લાખ ખાલી પદ પર નોકરી આપશે. ખેડૂતોને વીમાના પૈસા મળશે. ગરીબોને ૧૦૦ ગજના પ્લોટ, ઘર માટે પૈસા અને ૩૦૦ યુનિટ વીજ આપશે. ભાજપના લોકો બંધારણ પર જ હુમલો કરી રહ્યા છે.

### આગામી દિવસોમાં થશે સહાયની જાહેરાત

# અતિવૃષ્ટિના કારણે થયેલા નુકસાનના સર્વેની કામગીરી પૂર્ણ

## કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે : કૃષિ મંત્રી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ખાતે સેક્ટર સાતમાં આવેલા સરકારી કોમ્યુનિટી હોલ ખાતે ગુજરાત રાજ્ય ઉદવહન પિયત સહકારી મંડળીની વાર્ષિક ચોથી સામાન્ય સભા મળી હતી. સામાન્ય સભામાં ખેડૂત પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સામાન્ય સભામાં સિંચાઈ ક્ષેત્રે પ્રશ્નો અંગે બેઠકમાં મંથન થયું હતું. ચોથી વાર્ષિક સામાન્ય સભા કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સામાન્ય સભામાં ભાજપના સહકાર સેલના બિપીન પટેલ પણ હાજર રહ્યા હતા.

જોકે સામાન્ય સભા પૂર્વે મીડિયા સમક્ષ ખેડૂતો માટે રાહતના સમાચાર અંગે વાત કૃષિ મંત્રી રાઘવજી પટેલે કરી હતી. જેમાં રાજ્યમાં થયેલા ભારે વરસાદના કારણે અનેક જિલ્લામાં પાક નુકસાની સાથે લીલા દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે અતિવૃષ્ટિના કારણે થયેલા નુકસાનના સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું કૃષિ મંત્રી પટેલે આશ્વાસન આપ્યું છે. તેમજ સરકાર ટૂંક સમયમાં કૃષિ સહાય જાહેર કરે તેવી પણ ખેડૂતોને હૈયાધરણા કરી હતી. તદુપરાંત સરકારે કપાસનો પાક ટેકાના ભાવે ખરીદી કરવા અંગે પણ મહત્વપૂર્ણ જાહેરાતની વાત મૂકતા જણાવ્યું હતું કે, "ખેડૂતો માટે સહાયની જાહેરાત આગામી બે દિવસમાં જ થઈ શકે છે.

આગામી બે દિવસમાં ખેડૂતોને સારા સમાચાર મળશે. ભારે વરસાદના કારણે પાક ધોવાણ અને જમીન ધોવાણના સર્વેની કામગીરી પૂર્ણ થઈ છે. રાજ્ય સરકાર ટૂંક સમયમાં નુકસાનીમાં સહાયની જાહેરાત કરશે." આવનાર દિવસોમાં સરકાર દ્વારા કપાસના ટેકાના ભાવ ખરીદી પણ કરશે. જે અંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલનું જણાવ્યું હતું કે, "સીસીઆઈ મારફતે કપાસ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જે ગુજરાતમાં ૧લી ઓક્ટોબરથી કપાસની ખરીદી પ્રારંભ થશે અને ગુજરાતમાં ૧૩ કેન્દ્રો પર કપાસની ખરીદી માટેની વ્યવસ્થા કરવામાં આવશે."

ફક્ત એવું નથી કે કપાસ ટેકાના ભાવે ખરીદી કરાશે પરંતુ કપાસની સાથે મગફળીના ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. મગફળીના ટેકાના ભાવ અંગે ખરીદીના મુદ્દે કૃષિ મંત્રી રાઘવજી પટેલનું કહ્યું હતું કે, "કેન્દ્ર સરકાર ખરીદી માટે લક્ષ્યાંક હજી નક્કી કર્યો નથી. પરંતુ કેન્દ્ર સરકાર ખરીદીનો જથ્થો નક્કી કર્યા બાદ મગફળી ટેકાના ભાવે ખરીદી થશે. કેન્દ્રના નિર્ણય બાદ રાજ્ય સરકાર રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી ખરીદી શરૂ કરશે." આમ ટેકાના ભાવે આવનાર દિવસોમાં કપાસ અને મગફળી ખરીદી અંગે કૃષિ મંત્રીએ ખેડૂતોને આશ્વસ્ત કર્યા હતાં. તેમજ અતિવૃષ્ટિ સર્વે અંગે પણ આવનાર દિવસોમાં જાહેર કરીને ખેડૂતોને હૈયાધરણા આપી હતી.

### મકાનો કાયદેસર હોવા છતાં કાર્યવાહી કર્યાનો સ્થાનિકોનો આક્ષેપ

# રાજકોટમાં વિરોધ વચ્ચે પૂર્વ ધારાસભ્યની અટકાયત કરીને દબાણો તોડી પડાયા

## આ મામલે સ્ટેન્ડિંગ ચેરમેનને રજૂઆત કરવામાં આવતા તેમણે તરત જ સ્થળ મુલાકાત લઇ અહીં બુટલેગરોનાં ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે ખાતરી આપી હતી

રાજકોટ,તા. ૨૬

રાજકોટનાં અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં ગેરકાયદે દબાણો તોડતા હંગામો મચી ગયો હતો. દરમિયાન પૂર્વ ધારાસભ્ય સહિતના લોકોએ વિરોધ કરતા તેઓની અટકાયત કરીને, દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયા હતા. જોકે મકાનો કાયદેસર હોવા છતાં કાર્યવાહી કર્યાનો આક્ષેપ સ્થાનિક લોકોએ કર્યો હતો.રાજકોટનાં અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં દેશી દારૂના અડ્ડા પર એકાદ મહિના અગાઉ જનતા રેડ કરવામાં આવી હતી. જેમાં સુવર્ણભુમી સહિતની સોસાયટીના સ્થાનિક લોકોએ દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હતી. આ મામલે સ્ટેન્ડિંગ ચેરમેનને રજૂઆત કરવામાં આવતા તેમણે તરત જ સ્થળ મુલાકાત લઈ અહીં બુટલેગરોનાં ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે ખાતરી આપી હતી. એ પછી આજે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા ગેરકાયદે બાંધકામો દૂર કરવા બુલડોઝર મોકલાયા હતા. કામગીરી અટકાવતા જતા પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર સહિતનાની અટકાયત કરી લેવાઈ હતી. એ પછી અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં આજે મનપાની ટીમો ૧૦ સવારે વાગ્યા આસપાસ દબાણો તોડવા માટે પહોંચી હતી. પોલીસનાં ચુસ્ત બંદોબસ્ત સાથે શ્રીનાથજી સોસાયટીમાં આવેલા ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવીને તેને તોડી પાડવાનો પ્રયાસ કરાયો હતો.આ મકાનો કાયદેસર હોવા છતાં તંત્ર દ્વારા ટીપીમાં ફેરફાર કરી તેના મકાનો દૂર કરવામાં આવ્યા હોવાનો આરોપ સ્થાનિકોએ લગાવ્યો હતો. આથી આ ડીમોલેશન અટકાવવાની ફરજ પડી હતી.દરમિયાન સ્થાનિક મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે, ત્રણ વખત નોટિસ અપાઈ છે અને ગઈકાલે જણાવ્યું હતું કે, તમે મકાન ખાલી કરી નાખો. અમે આવતીકાલે તમારા મકાનો પાડી નાખીશું. અમે જે પુરાવા રજૂ કર્યા તે બધા ફેંકી દીધા છે. ૨૫ વર્ષ પહેલાંનાં અમારા લખાણ, નકશા અને પુરાવા અમાન્ય ગણવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ટીપી બદલાવી દેવામાં આવી છે.

જ્યારે પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમારે સ્થાનિક મીડિયાને કહ્યું કે, આ જગ્યા આ લોકોએ વેચાતી લીધી છે. ગરીબોના ભોગે વિકાસ ન થવો જોઈએ. ગરીબ લોકોને મનપા વૈકલ્પિક જગ્યા આપે. રાજકોટમાં ૮૦ ટકા સોસાયટીઓ સૂચિત છે. મહાનગરપાલિકા ઝુપડપટ્ટી હટાવતા પહેલાં વૈકલ્પિક જગ્યા આપે નહીંતર અમારું આંદોલન યથાવત રહેશે.

### રેલવે ટ્રેક પર પાણી ભરાયા, શાળા-કોલેજો બંધ

# મહારાષ્ટ્રના અનેક શહેરોમાં ભારે વરસાદને કારણે સ્થિતિ ચિંતાજનક

## મુંબઈ પોલીસે લોકોને સતર્ક રહેવા અને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી ચેતવણીને ગંભીરતાથી લેવાની અપીલ કરી છે

મુંબઈ, તા. ૨૬

મહારાષ્ટ્રના અનેક શહેરોમાં ભારે વરસાદને કારણે સ્થિતિ ચિંતાજનક છે. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. પુણે અને પિંપરી ચિંચવડમાં શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુંબઈ પોલીસે લોકોને સતર્ક રહેવા અને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી ચેતવણીને ગંભીરતાથી લેવાની અપીલ કરી છે. રેલવે કામગીરીને પણ અસર થઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના રાયગઢ, રત્નાગીરી ઉપરાંત કોંકણ અને ગોવા, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને યાનમ, પૂર્વ મધ્ય પ્રદેશ, ઉપ-હિમાલયથી પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, મરાઠવાડા, કોસ્ટલ કર્ણાટકમાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. બિહાર શક્ય છે. રાયલસીમા, ગુજરાત પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ મધ્યપ્રદેશ, ગંગાજળ પશ્ચિમ બંગાળ, ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગાણાના ભાગોમાં છૂટાછવાયા સ્થળોએ પણ ભારે વરસાદની અપેક્ષા છે. ખરાબ હવામાનના કારણે અકસ્માતમાં એક મહિલાના મોતના સમાચાર મુંબઈમાં પણ સામે આવ્યા છે. અંધેરીના MIDC વિસ્તારમાં ખુલ્લી ગટરમાં 45 વર્ષીય વિમલ ગાયકવાડનું ડૂબી જવાથી મોત થયું હતું. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિકારીઓએ જણાવ્યું હતું કે મુંબઈ ફાયર બ્રિગેડે તેને બહાર કાઢી કૂપર હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પરંતુ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

મુશળધાર વરસાદને કારણે ગોવંડી-માનખુર્દ વચ્ચે દોડતી મુંબઈ લોકલ ટ્રેનોના સંચાલનને પણ અસર થઈ હતી. મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી (CPRO)એ જણાવ્યું હતું કે પાટા પરનું પાણી ઓછુ થયા બાદ હાર્બર લાઈન લોકલ ટ્રેનોએ ફરી સેવા શરૂ કરી હતી. તેમણે કહ્યું કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ટ્રેનોને સાવધાની સાથે ચલાવવામાં આવી રહી છે. ઝડપ મહત્તમ 25 કિમી પ્રતિ કલાક સુધી મર્યાદિત છે. બુધવારે મુંબઈમાં મુશળધાર વરસાદ બાદ શહેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.

રાત્રે લગભગ 11.30 વાગ્યે મુંબ્રા બાયપાસ પર ભૂસ્ખલન થયું હતું. મુંબઈના કુર્લા ઈસ્ટ, નેહરુ નગર, ચેમ્બુરમાં પણ પાણી ભરાયાની તસવીરો જોવા મળી હતી. કુર્લા બ્રિજ પર પણ વાહનો અવરજવર કરતા હતા. ફાયર વિભાગના અધિકારી સ્વપ્નિલ સરનોબતે જણાવ્યું હતું કે ટ્રાફિક જામના કારણે લોકો લગભગ 3 કલાક સુધી અટવાયા હતા. મુંબઈ પોલીસે લોકોને સતર્ક રહેવા અપીલ કરી છે. મુંબઈ એરપોર્ટ પર એવિએશન ટ્રાફિક કંટ્રોલ (ATC) એ ખરાબ હવામાનને કારણે 14 ફ્લાઈટ્સને લેન્ડ કરવાની પરવાનગી નકારી હતી. અન્ય શહેરોના એરપોર્ટ પર ડાયવર્ટ કરાયેલી અને લેન્ડ કરાયેલી 14 ફ્લાઈટ્સમાંથી 9 ઈન્ડિગોની હતી. વિસ્તારાની બે ફ્લાઈટ અને એર ઈન્ડિયા, અકાસા અને ગલ્ફ એરની એક-એક ફ્લાઈટને પણ અન્ય શહેરમાં ડાયવર્ટ કરવામાં આવી હતી.

### જન સેવા કેન્દ્રો પર જોવા મળ્યો જનાક્રોશ

# અમરેલીમાં સ્થાનિકોને આધારકાર્ડની કામગીરી કરાવવા માટે ફાંફાં

## સાવરકુંડલાના મામલતદારે હંગામી ધોરણે રાજુલાથી ઓપરેટરોને બોલાવી આધારકાર્ડની કામગીરી શરુ કરી

અમરેલી , તા. ૨૬

ભારતમાં આધારકાર્ડ એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે, જેના વિના નાગરિકોના ઘણા કામ અટવાઈ શકે છે. ત્યારે ગુજરાતના અમરેલીમાં સ્થાનિકોને આધારકાર્ડની કામગીરી કરાવવા માટે પણ ચંપલ ઘસવા પડે છે. જિલ્લાના મોટાભાગના તાલુકા મથકે આધારકાર્ડની કામગીરી ઠપ હોવાના કારણે સ્થાનિકોના આધારકાર્ડથી થતાં કામ અટકી ગયા છે. વારંવાર રજૂઆત છતાં તંત્રએ આંખ આડા કાન કરી દીધા છે, જેનાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

છેલ્લા ઘણા સમયથી અમરેલીના મોટાભાગના તાલુકા મથકે આધારકાર્ડને લગતી કામગીરી કરવામાં આવતી નથી. લોકોને વારંવાર આધારકાર્ડના સેન્ટરો પર ધક્કો ખાવો પડે છે. લાંબા સમયથી એજન્સી દ્વારા આધારકાર્ડ સેન્ટર પર ઓપરેટરોની નિમણૂક કરવામાં આવી નથી, જેના કારણે અનેક સેન્ટરો પર આધારકાર્ડની કામગીરી બંધ છે. હાલ સાવરકુંડલાના મામલતદારે હંગામી ધોરણે રાજુલાથી ઓપરેટરોને બોલાવી આધારકાર્ડની કામગીરી શરુ કરી છે. આધારકાર્ડની કામગીરી માટે સાવરકુંડલા જઈને પણ સ્થાનિકોને ધક્કા જ ખાવા પડે છે. સાવરકુંડલામાં લોકોનો ઘસારો વધુ હોવાના કારણે હાજર તમામ લોકોના કામ થઈ શકતા નથી. રાજુલા, જાફરાબાદ અને ખાંભા સહિતના ઘણા તાલુકામાંથી અરજદારો સાવરકુંડલા આવીને પોતાની કામગીરી કરાવે છે. જેના કારણે સ્થાનિકો તેમજ ઓપરેટરો બન્નેને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આધારકાર્ડને લઈને પડી રહેલી મુશ્કેલી વિશે બોઘરિયામી ગામના રહેવાસી શૈલેશ સાવલિયાએ રોષ ઠાલવ્યો હતો. શૈલેષ સાવલિયાએ કહ્યું કે, છેલ્લા ત્રણ દિવસથી રોજ ધક્કા ખાવા પડે છે, છતાં હજુ સુધી કામ થયું નથી. આટલા દૂરથી આવીને વરસાદમાં પલળતાં-પલળતાં રાહ જોઈએ છીએ. આખોય દિવસ બગડે છે, કામ-ધંધા પણ બંધ રહે છે અને આધારકાર્ડનું પણ કામ થતું નથી.

આ સિવાય ગાધકડા ગામના રહેવાસી ત્રિભુવન ડોબરિયાએ જણાવ્યું કે, ગઈ કાલે ટોકન આપ્યું અને આજે આવ્યો તો કહે છે કે, ચાર દિવસ માટે કેન્દ્ર બંધ છે. ગઈ કાલે ટોકન લેવા આવ્યો ત્યારે જ જણાવ્યું હોત કે, ચાર દિવસ માટે કેન્દ્ર બંધ છે, તો ધક્કા ના ખાત ને. ચાર દિવસથી દરરોજ ધક્કા ખાતા લુવારા ગામના દિનેશભાઈએ જણાવ્યું કે, 'છેલ્લા ત્રણ દિવસથી ધક્કા ખાઈ રહ્યો છું.

દરરોજ ૪૦ લોકોને ટોકન આપવામાં આવે છે, તેમ છતાં રોજ અહીં ૧૦૦થી વધુ લોકો આવી જાય છે. બાકીના લોકોને ધક્કા ખાવા પડે છે. સરકાર આધાર કેન્દ્રની સેવા શરુ કરે, પણ લોકોના કામ જ ન થાય તો શું કરવાનું. સ્ટાફને આધારકાર્ડ કાઢવા સિવાયનું શું કામ હોય છે? તો પણ કેમ કાર્ડ નથી કાઢી આપતાં?'

### ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ માટે સમાચાર

# શાળાઓમાં ધો. ૧ થી ૮ સુધીના વિવિધ વિષયોના અભ્યાસક્રમોમાં ફેરફાર કરવામાં આવશે

## ગુજરાતી, ગણિત, વિજ્ઞાન સહિતના તમામ માધ્યમોના પુસ્તકો બદલવામાં આવશે

અમદાવાદ,તા. ૨૬

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી ગુજરાત બોર્ડ હેઠળની શાળાઓમાં ધોરણ ૧ થી ૮ સુધીના વિવિધ વિષયોના અભ્યાસક્રમોમાં ફેરફાર કરવામાં આવશે. તેથી, ૧૯ પુસ્તકો રદ કરવામાં આવશે અને નવા ઈન્સ્ટોલ કરવામાં આવશે. ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન સહિતના વિવિધ વિષયોના પુસ્તકો વિવિધ માધ્યમોમાં ઉપલબ્ધ થશે.

ધોરણ ૧૨માં અર્થશાસ્ત્ર વિષયમાં નવા ચેપ્ટરના ઉમેરા સાથે આ વિષયના પુસ્તકમાં પણ ફેરફાર કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને નવો અભ્યાસક્રમ ભણાવવામાં આવશે. લાખો પુસ્તકો નવા પ્રિન્ટ કરીને શાળાઓમાં મોકલવામાં આવશે. ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન સહિતના વિવિધ વિષયોના પુસ્તકો વિવિધ માધ્યમોમાં ઉપલબ્ધ થશે.

ગુજરાતી, ગણિત, વિજ્ઞાન સહિતના તમામ માધ્યમોના પુસ્તકો બદલવામાં આવશે

આગામી વર્ષથી ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક મંડળ દ્વારા જુદા જુદા ધોરણમાં નવા પુસ્તકો અમલમાં મુકવામાં આવશે અને હાલના પુસ્તકો રદ કરી નવા પુસ્તકો શાળાઓમાં અમલમાં મુકવામાં આવશે. પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રસિદ્ધ કરાયેલી યાદી મુજબ ધોરણ ૮માં તમામ માધ્યમોમાં ગણિત (દ્વિભાષી), ધોરણ ૩ અને ૬માં તમામ માધ્યમોમાં ગણિત, ધોરણ ૬માં ગુજરાતી માધ્યમમાં દ્વિતીય ભાષા તરીકે અંગ્રેજી અને ધોરણ ૭માં સંસ્કૃત ફરજિયાત છે. . ૨ અને ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન અને સામાન્ય શિક્ષણ વિષયના પુસ્તકો નવા સ્વરૂપમાં અમલમાં આવશે. ધોરણ ૮ માં વિજ્ઞાનને તમામ માધ્યમોમાં દ્વિભાષી બનાવવામાં આવશે અને ગુજરાતી પ્રથમ ભાષાને બદલીને ગુજરાતી માધ્યમ કરવામાં આવશે.

તમામ માધ્યમોમાં ધોરણ ૩ વાતાવરણમાં અને ધો. ૬માં વિજ્ઞાનનું પુસ્તક તમામ માધ્યમોમાં પરિવર્તન લાવશે. ધોરણ ૭ માં મરાઠી પ્રથમ ભાષાનું પુસ્તક મરાઠી માધ્યમ અને ધોરણ ૧ અને ધોરણ ૨ માં ગુજરાતી વિષયનું પુસ્તક ગુજરાતી માધ્યમમાં બદલવામાં આવશે. ધોરણ ૧ અને ૨ માં ગુજરાતી દ્વિતીય ભાષાના પુસ્તકો અન્ય માધ્યમો દ્વારા બદલવામાં આવશે. આ સિવાય આવતા વર્ષથી શાળાઓમાં ધોરણ ૧૨માં અર્થશાસ્ત્રનું પુસ્તક ભણાવવામાં આવશે. પ્રસ્તુત પુસ્તકમાં નેચરલ ફૂડ ફોરેસ્ટ અને ક્રોપ કન્ઝર્વેશન પર એક નવું પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે. આમ, ધોરણ ૧ થી ૮ ના ૧૯ અને ધોરણ ૧૨ ના એક સહિત કુલ ૨૦ પુસ્તકો રદ કરી નવા પુસ્તકો આવતા વર્ષથી ભણાવવામાં આવશે. કેટલાક વિષયોમાં નવા અભ્યાસક્રમો લાગુ કરવામાં આવ્યા છે. જો કે, જો દ્રઝઈઈ્ દ્વારા ધોરણ ૩ અને ૬ માં ગણિત અને વિજ્ઞાન અને પર્યાવરણમાં ગુજરાતી માધ્યમમાં નવા પુસ્તકો પ્રકાશિત કરવામાં આવશે, તો આવતા વર્ષથી જ પુસ્તકો બદલવામાં આવશે. દ્રઝઈઈ્ દ્વારા ધોરણ ૩ અને ૬ માં બે વિષયોમાં નવા પુસ્તકો લાગુ કરવામાં આવશે. તે જ સમયે, ધોરણ ૮ માં ગણિત અને વિજ્ઞાનનું પુસ્તક હવે દ્વિભાષી એટલે કે અંગ્રેજી અને ગુજરાતી શબ્દો સાથે તૈયાર કરવામાં આવશે.

### દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય

# દેશ-વિદેશમાં ગુજરાતની બોલબાલા, ૧૮ કરોડથી વધારે મહેમાન પધાર્યા

## ગયા વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ૨૪.૦૭ ટકાનો વધારો

ગાંધીનગર, તા. ૨૬

ભારત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરે 'વિશ્વ પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા પસંદગીનું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે. પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ ગુજરાતની મુલાકાતે આવેલા પ્રવાસીઓ અંગે વિગતવાર માહિતી આપતા કહ્યું હતું કે, સુરક્ષા અને શાંતિ માટે ઓળખાતા ગુજરાતની વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી, આમાં ૧૭.૫૦ કરોડ સ્થાનિક પ્રવાસીઓ તેમજ ૨૩.૪૩ લાખ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૧.૩૮ કરોડથી વધુ પ્રવાસીઓએ એક દિવસ માટે જ્યારે ૭.૨૧ કરોડથી વધુ પ્રવાસીઓએ રાત્રિરોકાણ કર્યુંહતું. જે ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રવાસીઓની સંખ્યા ૧૪.૯૮ કરોડ હતી એટલે કે, ગયા વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ૨૪.૦૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.

પ્રવાસન મંત્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ભારતભરમાંથી મુખ્યત્વે ધાર્મિક, બિઝનેસ, હેરિટેજ અને લીઝર એટલે કે પોતાના વ્યસ્ત જીવનમાંથી આનંદ માણવા, એમ ચાર ક્ષેત્રે રસ ધરાવતા પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવે છે. મંત્રી મુળુભાઈએ જણાવ્યું હતું કે, ધાર્મિક પ્રવાસન ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે ત્યારે દેશભરમાંથી સૌથી વધુ ૧.૬૫ કરોડ માઈ ભક્તોએ અંબાજી ખાતે માં અંબાના દર્શનનો લાભ લીધો છે. જ્યારે દેશના પ્રથમ જ્યોતિલિંગ એવા સોમનાથ મંદિર ખાતે ૯૭.૯૩ લાખ, દ્વારકા ખાતે ૮૩.૫૪ લાખ, મહાકાળી મંદિર પાવાગઢ ખાતે ૭૬.૬૬ લાખ તેમજ ડાકોર ખાતે ૩૪.૨૨ લાખ એમ કુલ મળીને ૪૫૭.૩૫ લાખ પ્રવાસીઓએ દર્શનનો લાભ લીધો છે. જ્યારે બિઝનેસના હેતુથી સૌથી વધુ અમદાવાદમાં ૨.૨૬ કરોડથી વધુ જ્યારે સુરતમાં ૬૨.૩૧ લાખ, વડોદરામાં ૩૪.૧૫ લાખ, રાજકોટમાં ૧૮.૫૯ લાખ અને ભરૂચમાં ૧૭.૭૨ લાખ એમ કુલ ૩૫૮.૭૭ લાખ પ્રવાસીઓએ મુલાકાત કરી હતી.

લીઝર એટલે કે વ્યસ્ત જીવનમાંથી આનંદ માણવા અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટ પર ૭૯.૬૭ લાખ, સાબરમતી રિવરફ્રન્ટની ૪૪.૭૬ લાખ, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૪૩.૫૨ લાખ, સાયન્સ સિટીની ૧૩.૬૦ લાખ તેમજ ગુજરાતના એક માત્ર હિલ સ્ટેશન એવા સાપુતારાની ૧૧.૩૯ લાખ એમ મળીને કુલ ૧૯૨.૯૬ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. આજ રીતે હેરીટેજ એટલે કે, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસામાં ગુજરાત મહત્વનું સ્થાન ધરાવે છે. જેના ભાગરૂપે ઐતિહાસિક શહેર વડનગરની ૬.૯૩ લાખ, પોરબંદર ખાતે આવેલા મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળ એવા કીર્તિ મંદિરની ૪.૦૬ લાખ, ગાંધીનગર ખાતે સ્થિત અડાલજ વાવની ૩.૮૬ લાખ, યુનેસ્કોની યાદીમાં વૈશ્વિક વારસામાં સ્થાન પામેલ પાટણમાં રાણી કી વાવની ૩.૮૩ લાખ, તેમજ એકમાત્ર સૂર્ય મંદિર મોઢેરાની ૩.૮૧ લાખ એમ મળીને કુલ ૨૨.૪૯ લાખ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી હતી જે ગુજરાત અને ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે.

ગુજરાત રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રને વધુને વધુ વેગ મળે અને ગુજરાત રાજ્યમાં આવતા પ્રવાસીઓને પ્રવાસનક્ષેત્રને વધુ વિકલ્પ મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા નવા પ્રવાસન સ્થળો વિકસાવવામાં આવ્યા છે, જેમ કે બોર્ડર ટુરિઝમ તરીકે -નડાબેટ અને કચ્છના સરક્રિક ખાતે સમુદ્રી સીમા દર્શન પ્રોજેક્ટ, ડાયનોસોર ફોસીલ પાર્ક-બાલાસિનોર, પોરબંદરના મોકરસાગર ખાતે વેટલેન્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, બેટ-દ્વારકા ખાતે ટુરિસ્ટ ફેસીલીટી નો વિકાસ, ધરોઈ ડેમનો વિશ્વ કક્ષાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ, ગુજરાતની ઓળખ સમા એશિયાટિક લાયનના વિસ્તાર એવા ગીરની આસપાસના સ્થળોને આવરી લઈને ગ્રેટર ગીર ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અને બ્લૂ ફ્લેગ બીચ શિવરાજપુરને વૈશ્વિક કક્ષાના બીચ તરીકે વિકસાવવાના કામો હાલ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે તેમ, તેમણે ઉમેર્યું હતું. આમ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસને સતત વેગ આપવાથી દેશ-વિદેશના પ્રવાસીઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેના પરિણામે આ વિસ્તારોમાં સ્થાનિક રોજગારીનું પ્રમાણ વધ્યું છે જેનો સીધો લાભ રાજ્યના નાગરિકોને મળી રહ્યો છે તેમ, મંત્રીએ ઉમેર્યું હતું.

### મમતાએ કેન્દ્ર સરકાર પર આક્ષેપ કર્યા

# PMAY યોજના અંતર્ગત બંગાળને ત્રણ વર્ષથી ફંડ મળ્યું નથી : મમતા બેનરજી

## આ સાથે મમતા બેનરજીએ જણાવ્યું કે, જિલ્લામાં ૧૧ લાખ ઘરો માટે જ પૈસા રિલીઝ કરવામાં આવશે

પશ્ચિમ બંગાળ, તા. ૨૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ મંગળવારે કેન્દ્રની ભાજપ સરકાર પર છેલ્લા ત્રણ વર્ષોથી વડાપ્રધાન આવાસ યોજના(પીએમએવાય) અંતર્ગત રાજ્ય સરકારને ફંડ નહીં આપવાનો આરોપ લગાવ્યો છે. બોલપુરમાં વહીવટીય સમીક્ષા બેઠક દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું કે, છેલ્લા ત્રણ વર્ષોથી અમને પીએમએવાય અંતર્ગત કોઈ ફંડ મળ્યું નથી. કુલ ૧.૭૦ લાખ કરોડ રૂપિયાનું કેન્દ્રીય ફંડ અમને મળવાનું હજુયે બાકી છે. તેમ છતાં, અમે અમારા મર્યાદિત સંસાધનોથી યથાશક્તિથી વધુ ઘર ફાળવવાના પ્રયાસ કરી રહ્યા છીએ. આ સાથે મમતા બેનરજીએ જણાવ્યું કે, જિલ્લામાં ૧૧ લાખ ઘરો માટે જ પૈસા રિલીઝ કરવામાં આવશે. તેમજ પૂરના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાઓના સમારકામનો ખર્ચ ધારાસભ્યોને અપાતી વિકાસલક્ષી ગ્રાન્ટમાં કરાશે. રાજ્યમાં પૂરની સ્થિતિ પર બોલતા મુખ્યમંત્રી બેનરજીએ જણાવ્યું કે, જોકે હજુ સ્થિતિમાં કેટલીક હદ સુધી સુધારો થયો છે, પરંતુ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુયે પાણી ભરાયેલા છે. આ સાથે તેમણે ઉમેર્યું કે એ પણ દુર્ભાગ્યપૂર્ણ છે કે પશ્ચિમ બંગાળમાં ફક્ત વરસાદને કારણે જ પૂર આવતું નથી, પરંતુ ઝારખંડમાંથી છોડવામાં આવતા પાણીને કારણે પણ રાજ્યમાં પૂર આવે છે.

# અમરેલી ખાતે પાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમ યોજાયો










રાજય સરકારની વિવિધ કલ્યાણકારીયોજનાઓઅનેસેવાઓનો લાભ નાગરિકોને સતત મળે, વહીવટી પારદર્શિતામાં ઉમેરો થાય અને નાગરિકોને તેમના વસવાટ રહેઠાણ નજીકના વિસ્તારમાં સેવાઓનો લાભ પ્રાપ્તથાયતેવાઉદેશ્યસાથેરાજયસરકાર દ્વારા સેવા સેતુના ૧૦માં તબક્કાની શરૂઆત કરવામાં આવી છે. આ કડીના ભાગરૂપે અમરેલી નગરપાલિકા દ્વારા શહેરનાજેસીંગપરાવિસ્તારમાંસેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં લાભાર્થીઓને રાજય સરકારની વિવિધ પ્રકારની પર સેવાઓ એક છત નીચે આપવામાંઆવીહતી.અમરેલીશહેરના વોર્ડનં.૦૬,૦૮,૦૯,૧૦અને૧૧માં રહેતા લાભાર્થીઓને આધાર નોંધણી, આધાર કાર્ડમાંસુધારા, રેશનકાર્ડમાંનામ દાખલ કે સુધારો, કમી, ઈ–કેવાયસી, કુંવરબાઈનું મામેરૂં, ફીશીપ કાર્ડ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, નમો યોજના, પીએમJAYયોજના,ઉંમરનોદાખલો, જન્મઅનેમરણનાપ્રમાણપત્રો,આધાર કાર્ડ સાથે બેંક ખાતાનું જોડાણ, જનધન યોજના અન્વયે બેંક ખાતુ ખોલવાની કામગીરી વગેરે જેવી રાજય સરકારની અનેકવિધ સુવિધાઓનો લાભ એક છત નીચે આપવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લા વહીવટીતંત્ર અને અમરેલી નગરપાલિકા દ્વારા આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં દિવસ દરમિયાન વિવિધ વોર્ડના લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લઈઅનેવિવિધકચેરીઓમાંથતાંકામોનો એક છત નીચે લાભ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત નગરપાલિકા દીઠ બે અને તાલુકાકક્ષાએ૦૩સેવાસેતુકાર્યક્રમનું આયોજનકરવામાંઆવ્યુંછેજેનાદ્વારા લાભાર્થીઓને વિવિધ પ્રકારની સેવાઓનોલાભમળીરહ્યોછે.

પાના ૮ ઉપરનું ચાલું

## ખાંભાનાં ચક્રાવા ગામનાં

પહેલાઆડાકેડે જતાં હતાં ત્યારે કોઈ અજાણ્યા ટ્રેકટર ચાલકે તેમના હવાલાવાળું ટ્રેકટર પુરઝડપે ગફલતભરી રીતે બેફીકરાઈથી ચલાવી વાસુરભાઈને હડફેટે લઈ તેમની સાથે ભટકાવી તેમના શરીરે નાની–મોટી ગંભીર ઈજાઓ કરી તેમનું મોત નિપજાવી ટ્રેકટર લઈ જઈ નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ચલાલામાં પરિણીતા સાથે

રાઠોડનામનીપરણિતાસાથેમૈત્રીકરાર કરેલહોય, અનેજેનેલઈતેપરિણીતાએ પોતાનાપતિસાથેછુટાછેડાની તજવીજ શરૂ કરેલ હોય જેનો ખાર રાખી અને બદલો લેવાની ભાવનાથી તેણીના પતિ આરોપી પ્રવિણભાઈ ગોબરભાઈ રાઠોડ તથાતેણીનાભત્રીજાઆરોપીઘનશ્યામ વીરજીભાઈ સોલંકીએ મૈત્રી કરાર કરનાર કેતનભાઈને યુવકના મોટર સાયકલને ફોરવ્હિલ ગાડીથી ઠોકર મારી ખૂનકરવાનુંગુન્હાહિતકાવત્રુઘડીકમૈત્રી કરાર કરનાર યુવકના મીત્ર જયદીપભાઈ પાસેથી પાસેથી કેતનભાઈ કાકડીયાની માહીતી મેળવી લઈ ગત તા. ૯/૪/૨૧ ના રોજ સાંજના ૭–૩૦દરમ્યાનકેતનભાઈ કાંતીભાઈ કાકડિયા પોતાના હવાલાનુ મોટર સાયકલ લઈને મોરઝર ગામ તરફથી ચલાલાતરફઆવતાહોયત્યારે આબંને આરોપીઓએ પોતાના હવાલાવાળી કાર નંબર–જીજે–૧૯– એ–૯૨૯૪ લઈ જયદીપભાઈને સાથે બેસાડી આરોપીઓએ ચલાલા ધારી રોડ ઉપર માહી દુધની ડેરીની પાસે કેતનભાઈના હવાલાના મોટર સાયકલની પાછળથી કેતનભાઈને મારી નાંખવાના ઈરાદાથી ફોર વ્હિલ ગાડી માથે ચડાવી દઈ તેમને ત્યાથી ચલાલા નજીક આવેલ વનવગડો હોટલ સુધી ઢસરડાય તે રીતે પુરઝડપે ફોર વ્હિલ ગાડી ચલાવી, કેતનભાઈનુ ખુન કરી, બંને આરોપીઓ ત્યાથી નાશી ગયા હતાં., આ બનાવ અંગે જગદીશભાઈ કાંતીભાઈ કાકડીયાની ફરીયાદના આધારે ચલાલા પોલીસસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી. આઅંગેનોકેસધારીખાતેઆવેલત્રીજા એડી.સેશન્સકોર્ટમાંચાલીજતાંસરકારી વકીલ વિકાસભાઈ વડેરાની દલીલોને કોર્ટે માન્ય રાખીકામના આરોપી પ્રવિણભાઈ ગોબરભાઈ રાઠોડ તથા ઘનશ્યામભાઈ વિરજીભાઈ સોલંકીને ઈ.પી.કો. કલમ ૩૦૨, ૧૨૦બી, ૩૪ અન્વયે ગુના સબબ દોષીત ઠરાવી, બંનેઆરોપીનેઆજીવનસખતકેદની જેલનીસજાતથારૂપિયાર–૨લાખના દંડ કરવામાં આવેલ છે. તથા દંડની રકમ જમા કરાવ્યેથી સદર દંડની રકમમાંથીરૂા. ૩,૫૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ લાખ પચાસ હજાર પુરા) મરણ જનાર કેતનભાઈના પિતા કાંતીભાઈ છગનભાઈ કાકડીયાને વળતર તરીકે ચુકવવા હુકમ કરવામા આવે છે અને જો તેઓ હયાત ન હોય તો તે રકમ તેમના સંતાનો ને ઓળખ ની ખરાઈ કરી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૭૩૦ | ૧૧૪૬ |
| ૨ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૨૧ |
| ૪ | તલ કાળા | ૨૮૨૮ | ૩૭૬૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૩૦૪ | ૩૩૦૪ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૭૨ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૭૬૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૪૨ |
| ૯ | ઘઉં લોકવન | ૩૬૦ | ૫૯૮ |
| ૧૦ | મકાઈ | ૪૬૨ | ૬૮૯ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | ચણા | ૧૨૦૦ | ૧૪૩૫ |
| ૧૪ | વાલ | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ૧૫ | કપાસ | ૭૦૦ | ૧૫૮૮ |
| ૧૬ | એરંડા | ૧૧૫૫ | ૧૨૫૮ |
| ૧૭ | જીરૂ | ૨૨૦૦ | ૪૯૦૦ |
| ૧૮ | ધાણા | ૧૦૭૫ | ૧૩૧૫ |
| ૧૯ | મેથી | ૮૦૦ | ૧૧૨૨ |
| ૨૦ | સોયાબીન | ૭૭૦ | ૮૯૦ |
| ૨૧ | રજકાનું બી | ૨૯૫૦ | ૪૪૦૦ |

## સા.કુંડલા ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા.૨૬

જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન અંતર્ગત ઉતાવળાહનુમાનમંદીર, સાવરકુંડલા ખાતે ડ્રો હેડગેવાર સેવા સમીતી દ્વારા સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ નિદાન કેમ્પમાં સારવાર સાથે લોકોને દિનચર્યા તથા ઋતુચર્યાનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ શંશમની વટી ઋતુજન્ય રોગચાળા પ્રતિરોધક, ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું જેમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો.આ નિદાન કેમ્પમાં વૈધ કે.બી. ગોંડલીયા તથા વૈધ દેવેન્દ્ર ચૌહાણે સેવા આપી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરાનાં સ્વામીનારાયણ મંદિરનાં

પરિસરમાં ગુરૂ લક્ષ્મી પ્રસાદ દાસજીના કાર્યક્રમમાં સર્વે હરિભક્તોએ જોડાવાનું છે. તેમના સિવાય અન્ય કોઈ સંત દ્વારા મંદિરમાંસભા કરવાની રહેશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે મંદિરમાં છેલ્લા ઘણા સમયથી વિવેક સ્વરૂપદાસજી સ્વામી દ્વારા પણ કથા પારાયણ કરવામાં આવે છે. તેમના દ્વારા પણ આજ રોજ જાહેરસભાનુંઆયોજન કરવામાંઆવેલ હતું. તેથી બંને સંતોના સેવકો આજ રોજમેદાનમાં એકત્ર થવાના હોય ટ્રસ્ટ દ્વારાલગાડવામાંઆવેલ નોટિસને પગલે પરિસરમાં નવાજૂની થવાના એંધાણ દેખાવા લાગ્યા હતા જેના પગલે ટ્રસ્ટી મંડળ તેમજ તજજ્ઞો દ્વારા સલાહ અને સૂચનથી સમગ્ર કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો જયારે હરિભકતોમાં આ કાર્યક્રમના કાર્ડ પણ વિતરણ થયેલા હતા જેના પગલે હરિભક્તોમાં નારાજગી પણ જોવા મળી હતી. વધુમાં મંદિર પરિસરમાં મહિલા સ્વામિ નારાયણમંદિર પણ આવેલુંછે. જો તેમના દ્વારા કોઈ આયોજન થશે તો વધારે ઘર્ષણ થવાની શકયતા પણ દેખાઈ રહી છે. અગાઉ ટ્રસ્ટ દ્વારા ઘર્ષણને પગલે ૧૫ દિવસ માટે સાંજની આરતીના સમયે પોલીસ રક્ષણ પણ માંગેલું હતું અને આજ રોજ આ સમગ્ર કાર્યક્રમમાં પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો પરંતુ આ સમગ્ર કાર્યક્રમમાં વિવાદ ચરમશીમાએ પહોંચતા આ તમામ પ્રકારના કાર્યક્રમ રદ કરવામાં આવ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૯ | ૧૬૧૧ |
| ૨ | ઘઉં | ૪૯૬ | ૫૭૫ |
| ૩ | અડદ | ૧૨૦૦ | ૧૫૦૫ |
| ૪ | મગ | ૧૨૮૦ | ૧૮૦૦ |
| ૫ | મગફળી નવી | ૮૦૦ | ૧૦૪૦ |
| ૬ | બાજરો | ૪૫૧ | ૫૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ જીણી | ૭૦૦ | ૧૧૨૨ |
| ૨ | શીંગ મોટી | ૭૦૦ | ૧૧૧૭ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૩૬ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૦૭૫ |
| ૫ | જીરૂ | ૪૦૫૦ | ૪૯૧૫ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૬૧૬ |
| ૭ | બાજરો | ૪૯૦ | – |
| ૮ | જુવાર | ૪૫૬ | – |
| ૯ | મગ | ૧૫૦૦ | – |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | ધાણા | ૯૨૨ | ૧૩૨૦ |

## સાવરકુંડલા શહેરમાં પાલિકા દ્વારા વિકાસનાં કામોની હારમાળા



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા લીલીયા વિધાનસભા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની દેખરેખ હેઠળ શહેરને સુંદર અને રળિયામણું બનાવવા અંતર્ગત સાવરકુંડલા શહેર વોર્ડ નં.૩ માં સા.કુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તેમજ પ્રતિકભાઈ નાકરાણીની સુચના અનુસાર જેસર રોડ મઢુલી બાપા સીતારામ પાછળ ચંદુભાઈ લુહારના ઘર સુધી નગરપાલિકા દ્વારા સીસી રોડનું કામ શ્રીફળ વધેરીને પ્રારંભ કરતા સદસ્ય કમલેશભાઈ રાનેરા, પિયુષભાઈ, રસીલાબેન, હંસાબેન રાનેરા, હરેશભાઈ, ચંદુભાઈ લુહાર. વિકાસના કામો થતાં આ વિસ્તારના લોકોએ હર્ષની લાગણી અનુભવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીથી પાણીયા માર્ગ ઉપર

મોટર સાયકલ ઉપરથી નીચે પડી જતા માથે, શરીરે ઈજા થતા ચાલુ સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

આ બનાવમાં મળતી વિગત મુજબ વિસાવદર તાલુકાના કાલાવડ ગામે રહેતા અરવિંદભાઈ જીણાભાઈ ગેગડા નામનાં ૪૭ વર્ષિય આધેડ ગત તા. ૨૨ ના રોજ બપોરે ૩:૪૫ વાગ્યે તેમના પત્ની ગીતાબેન સાથે મોટર સાયકલ લઈ કાલાવાડથી બાબાપુર ખાતે આવતા હોય. દરમ્યાન મોટર સાયકલમાં પાછળ બેસેલ ગીતાબેન પાણીયા ગામથી આગળ રસ્તામાં ખાડો આવવાથી મોટર સાયકલનું બેલેન્સ બગડતા મોટર સાયકલ ઉપરથી નીચે પડી જતા માથે, શરીરે ઈજા થતા ચાલુ સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૩૫૧ | ૧૪૯૦ |
| ૨ | મગફળી નવી | ૮૦૦ | ૮૦૦ |
| ૩ | ચણા | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ૪ | બાજરો | ૪૬૦ | ૪૬૦ |
| ૫ | તુવેર | ૧૫૭૧ | ૧૫૭૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૪ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૧ | ૫૩૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૨ |
| ૪ | સોયાબીન | ૭૩૦ | ૮૬૪ |
| ૫ | એરંડી | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૬ | ચણા | ૧૦૩૫ | ૧૩૫૫ |
| ૭ | ધાણા | ૧૧૫૦ | ૧૨૩૫ |
| ૮ | તલ સફેદ | ૧૬૦૫ | ૨૭૪૫ |
| ૯ | શીંગદાણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| ૧૦ | મગફળી | ૭૪૫ | ૯૨૬ |
| ૧૧ | અડદ | ૧૫૨૧ | ૧૫૨૧ |
| ૧૨ | બાજરો | ૩૫૦ | ૪૦૧ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | મકાઈ | ૫૨૨ | ૫૨૨ |
| ૧૫ | જુવાર | ૭૧૫ | ૮૨૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલામાં હાથિયા નક્ષત્રમાં

કે હાલ તો આજે સવારે પણ આકાશમાં વાદળોજોવામળ્યાઅનેધીમેધીમેબપોર થતાં વરસવાનું શરૂઆત થઈ હતી. છેલ્લા ઘણા સમયથી સાવરકુંડલાને હાથતાળી આપીને નાસી જતા મેઘરાજાએહવેધીમીધારેવરસવાનુંશરૂ કરતાંખેડૂતોમાંપણખુશીનોમાહોલજોવા મળ્યો હતો. સુકાતી મોલાતને આ વરસાદી પાણી અમૃત જેવું લાગે છે. વરસતાંવરસાદમાંયુવાનોઅનેબાળકો વરસાદમાં ભીંજાઈને વરસાદની મોજ માણતાં જોવા મળેલ. વરસતા વરસાદમાંરસ્તાપણપાણીપાણીથયેલ જોવામળ્યા. આ લખાઈ છે ત્યારે ધીમી ધારે પોણો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હશે જો કે હજુ પણ વાતાવરણમાં ઉકળાટ જોવા મળે છે એટલે વધુ વરસાદનાં એંધાણ વર્તાઈ રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં અર્ધાથી લઈને

૮ સુધીમાં ૧૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

જાફરાબાદમાં૫૦મી.મી., લીલીયામાં૩૮મી.મી.,લીલીયામાં૩૮ મી.મી., કુંકાવાવમાં ૧૫ મી.મી., બગસરામાં ૫ મી.મી., સાવરકુંડલામાં ૨૫ મી.મી., રાજુલામાં ૧૭ મી.મી., ધારીમાં ૧૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

**બાબરા**

બાબરા શહેર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ પડયોછે.

બાબરાના નિલવડા , ચરખા, સુખપુર, વાંકીયા, સહિત ગામોમાં પણ વરસાદ પડયો છે.

સમગ્ર દિવસ વરસાદી વાતાવરણ રહ્યું હતુંઅનેવરસાદીઝાપટાં પડયાહતાબાદમાંરાત્રીનાથયોવરસાદ શરૂ જોવા મળેલ.

**બગસરા**

બગસરા પંથકમાં લાંબા સમયના વિરામ બાદ વરસાદ પડતા જગતનોતાતખુશખુશાલથઈ ગયાહતા. ગઈકાલના રોજ રાત્રિના સમય દરમિયાન વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસતા ભયંકર ગરમીના લીધે લોકો ત્રાહિમામ પોકારી ઉઠેલા લોકોને ગરમીમાં આંશિક રાહત થયેલ હતી. જયારે સવારમાં ફરી ભયંકર ગરમીનો સામનો કરતા બપોરના સમય દરમિયાન ફરી વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદ પડતાની સાથે જ જગતનો તાત તેમજ લોકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. અને મુરજાયેલ મોલાદ ઉપર વરસાદ પડતાની સાથે જ ખેડૂતો ખુશખુશાલ થઈ ગયાહતા. સત્તાવાર આંકડા પ્રમાણે બેઈંચ જેટલો વરસાદ નોંધાતા અનેક નદીનાળાઓ ફરી પાછા છલકાઈ ગયા હતા. તેમજ સાતલડી નદીમાં આવેલ ચેકડેમ પણ ફરી ઓવરફ્લો થયો હતો. જાણવા મળતી વિગત અનુસાર બગસરા તેમજ બગસરા પંથકના મુંજીયાસર, માણેકવાડા, શાપર, લુંઘીયા, ભાડેર, જેવા ગામોમાં પણ વરસાદ પડતા ખેડૂતો ખુશખુશાલ થયા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૮ |
| ૨ | મગફળી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૫ | અડદ | ૧૫૦૦ | ૧૫૨૫ |
| ૬ | ચોળી | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૭ | ધાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૮ | સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૦૨૫ | ૨૫૫૦ |
| ૨ | કપાસ | ૯૦૦ | ૧૫૧૬ |
| ૩ | બાજરો | ૪૬૦ | ૫૧૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૯ |
| ૫ | જુવાર | ૭૫૦ | ૮૧૪ |
| ૬ | ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૭ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |

# બગસરા, લીલીયા, ધારી પંથકમાં "એક પેડ મા કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ










તસ્વીર : સમીર વિરાણી–બગસરા

તા.૨આકટોબર–મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારતમિશન'ના ૧૦વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્રદેશમાં 'સ્વચ્છતાહીસેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' અભિયાનનું આહ્વાન કર્યુ છે.તા.૨૬ સપ્ટેમ્બર,૨૦૨૪ 'એક પેડ મા કે નામ' વિશેષ વૃક્ષારોપણ થીમ અંતર્ગત શહેરીજનો અને ગ્રામજનોએ વૃક્ષારોપણ કરીને એક પેડ મા કે નામ અભિયાનમાં ભાગીદારી નોંધાવી હતી. લીલીયા તાલુકાનો શહેરી વિસ્તાર, બગસરા શહેરી અને ગ્રામ્ય વિસ્તાર, બાબરાના અમરાપર, ખાનપુર, રાયપર ઉપરાંત ધારી તાલુકાના શીવડ માધુપુર, લાખાપાદર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. આ સાથે સાફસફાઈનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. ગ્રામ્ય કક્ષાએ નિઃશુલ્ક આરોગ્ય ચકાસણીના સફળ આયોજન હાથ ધરવામાં આવ્યા હતા. સ્વચ્છતા હી સેવા અભિયાનની જનજાગૃત્તિ માટે જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળ વાઈ રહે તે માટે સૌને સહિયારા પ્રયત્ન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. સમગ્ર અમરેલી જિલ્લો સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળો બને, રોગચાળા મુકત બને તે બાબતે સૌને સ્વચ્છાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### સ્વચ્છતા આગ્રહી ગાંધીજીના અસ્થિ અમરેલીમાં આજે પણ સચવાયેલા છે

## સ્વચ્છતા આગ્રહી પૂજય ગાંધીજી અમરેલી જિલ્લાની અનેક વખત મુલાકાત લઈ ચૂકયા હતા


### ગાંધીજીએ દાયકાઓ પહેલા સફાઈ માટે આપેલું દર્શન આજે પણ પ્રેરક અને સ્તુત્ય

અમરેલી, તા.૨૬

અમરેલીમાં ગિરધરલાલ સંગ્રહાલય બાલભવન ખાતે પૂજય મહાત્મા ગાંધીજીના અસ્થિઓ આજે પણ સચવાયેલા છે, ગાંધીજીએ સ્વરાજય માટે જીવન ખપાવી દીધું એ તો સે જાણીએ છીએ, પરંતુ સ્વચ્છતા માટેનું તેમનું દર્શન નિરાળું છે, જે આજે દાયકાઓ બાદ પણ આપણને પ્રેરણા આપી જાય છે.

પૂજય મહાત્મા ગાંધીજી તેમના જીવનકાળ દરમિયાન અમરેલી શહેરની અનેક વખત મુલાકાત પણ લઈ ચૂકયા છે. તેમણે જાહેર જીવનમાં આચરણ થકી ઉચ્ચ નૈતિક મૂલ્યો પ્રસ્થાપિત કર્યા હતા.

ગાંધીજી પોતાના જીવનકાળ દરમિયાન સ્વચ્છતાને અનુલક્ષીને જે વિચારો પ્રગટ થયા છે, તે જોઈએ તો. ગાંધીજી કહેતા કે 'જયાં સુધી તમે ઝાડું અને ડોલ હાથમાં લઈને નીકળી નહીં પડો ત્યાં સુધી તમે તમારા ગામને કે શહેરને સ્વચ્છ કરી શકવાના નથી. ગાંધીજી માનતા કે, સ્વચ્છતા એ આચરણ નહીં આદત બનવી જોઈએ. ગાંધીજીએ સ્વચ્છતાને વ્યકિતના આરોગ્ય સાથે જોડી છે. તેઓ કહેતા કે, જો કોઈ વ્યક્તિ સ્વચ્છ નહીં રહે તો તે સ્વસ્થ નહીં રહી શકે. તેમણે એમ પણ કહ્યુ છે, 'વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન આપવા ઉપરાંત જો તમે તેઓને રસોઈ કરવામાં તથા સફાઈ કામ કરવામાં નિષ્ણાંત બનાવશો તો તમારી સંસ્થાને તમે આદર્શ સંસ્થા બનાવી શકશો.'



ગાંધીજી તો ત્યાં સુધી કહેતા કે 'શેચાલયો પણ દિવાન ખંડ જેવા જ સ્વચ્છ હોવા જોઈએ'

એક વખત એક પરદેશીએ ગાંધીજીને પૂછયું, જો તમને એક દિવસ માટે હિન્દના વાઈસરોય બનાવવામાં આવે તો તમે શું કરો ? ગાંધીજીએ કહ્યું, 'વાઈસરોયના ઘરની પાસે સફાઈ કામદારોના જે ઘોલકા છે તેને સાફ કઢં.' પરદેશી આગળ પૂછયું જો તમને વધુ એક દિવસ તે પદ પર ચાલુ રાખવામાં આવે તો ગાંધીજીએ કહ્યું, 'તે જ કામ હું બીજા દિવસે પણ કઢં' આ સંવાદ દર્શાવે છે કે, ગાંધીજી સ્વચ્છતાને કેટલું પ્રાધાન્ય આપતા હતા. તેમનું સ્વચ્છતા દર્શન એકદમ નિરાળું અને આજે પણ પ્રસ્તુત છે.

ગાંધીજીએ સ્વચ્છતાને સ્વરાજય સાથે પણ જોડી હતી, તેમણે એમ પણ કહ્યું છે કે, 'જો આપણે આપણું આંગણું સ્વચ્છ ના રાખી શકીએ તો આપણા સ્વરાજ માંથી દુર્ગંધ આવશે.' ત્યારે આપણે પણ સ્વચ્છતા માટે પણ એક અવિરત જયોત જગાવીએ. જે આપણા દૈનિક જીવનમાં એક સંસ્કાર સ્વઢપે ભળી જાય.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી હતી. આજે પણ દેશભરમાં ગંદકી–કચરાને દેશવટો આપવા માટે સ્વચ્છતા હી સેવા અભિયાન ચાલી રહ્યું છે. આમ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતા માટેની આહેલક પુનઃજીવંત કરી છે. તેમ કહેવું અયોગ્ય નહીં ગણાય.


તાજેતરમાં જ અમરેલી જિલ્લાના પ્રવાસે આવેલા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ કહ્યુ હતુ કે, સ્વચ્છતા એક દિવસ નહીં પરંતુ હરહંમેશ માટે આપણા સ્વભાવનો ભાગ બનવો જોઈએ. સહિયારા પ્રયત્નથી સ્વચ્છતા કાયમ રીતે જાળવી શકાય તો જ ગામ અને નગર સાથે રાજયને સ્વચ્છ અને સુંદર બનાવી શકાશે.

અમરેલી જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જાહેર સ્થળોએ સ્વચ્છતા ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે, આ સાથે સફાઈ કર્મચારીઓના આરોગ્યની પણ દરકાર લેવામાં આવી રહી છે. સફાઈ કર્મીઓને બિમારીઓથી બચાવવા માટે સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અંતર્ગત હેલ્થ ચેકઅપ પણ કરવામાં આવી રહ્યું છે. તા. ૩૧ ઓકટોબર સુધી ચાલનાર આ સ્વચ્છતા ઝુંબેશ અમરેલી જિલ્લામાં વેગવંતી બની છે. **આલેખન અને સંકલન : રોહિત ઉસદડ**

## ધરાઈ : બાલમુકુન્દ હવેલી ખાતે રવિવારે મનોરથ યોજાશે

બાબરા, તા.૨૬

બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન પ્રસિદ્ધ યાત્રાધામ બાલમુકુન્દ પ્રભુની હવેલીમાં અતિભવ્ય માળાપહેરામણી તથા મહાદાન મનોરથનું આયોજન તા.૨૯/૦૯/૨૪ રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ તકે હવેલીમાં ઠાકોરજીના આ રૂડા મનોરથ તથા દર્શનનો લાવ્હો લેવા બાલમુકુન્દ પ્રભુ હવેલી ટ્રસ્ટ તથા મુખ્યાજી પરિવાર તથા કુલદીપભાઈ મુખ્યાજી અને ધ્રુમિલભાઈ મુખ્યાજી વતી સૌ વૈષ્ણવ ભક્તોને મહાપ્રસાદ લેવા માટે હાર્દિક નિમંત્રણ છે.



### જિલ્લાકક્ષાની સ્પર્ધામાં અગ્રેસર

## સા.કુંડલા : કપોળ કન્યા છાત્રાલયનાં બહેનોએ યુવક મહોત્સવમાં ડંકો દીધો

### લગ્નગીત, નિબંધ અને લોકનૃત્યમાં શ્રેષ્ઠ દેખાવ




સાવરકુંડલા, તા. ૨૬

અમરેલી જિલ્લા યુવક મહોત્સવમાં સાવરકુંડલા કપોળ કન્યા છાત્રાલયના બહેનોનું અદભૂત પ્રદર્શન. એકાંકી/નાટક–પ્રથમ ક્રમાંક (ભાવિકા વરિયા, સેજલ મોભ, નાની બોદર, પ્રિયંકા રાઠોડ, જયોતિ શિયાળ, કૃપા વરિયા, રેવતા તરસરિયા, દિપાલી દુબાણીયા, પ્રાર્થના દુબાણી, હેપી તરસરિયા, અક્ષિતા ગોસ્વામી) લગ્ન ગીત – તૃતિય, (નયના ધુંધાળવા), લોકનૃત્ય–પ્રથમ ક્રમાંક: (દિવ્યા ચુડાસમા, જીનલ તપાનીયા, જાનવી ગોસ્વામી, વિકમા અન્દ્રૂપા, વરિયા માનસી, ત્રિવેણી ચૌહાણ, નેહા ચૌહાણ, વનિતા ચૌહાણ, દેવું ભમ્મર, ધારા લધવા, પાયલ ધુંધાળવા, આરતી ધુંધાળવા, નિધિ ધાસકટા, ગુંજન ચૌહાણ) નિબંધ – તૃતીય, (બોદર નથુ) આ સફળતા માનદ સલાહકાર તથા ટ્રસ્ટીઓના સલાહ, સૂચન અને પ્રોત્સાહન વિના શકય નહોતી. ખાસ રજનીભાઈ મહેતા, નીરૂપાબેન શાહ આભાર વ્યક્ત કરીએ છીએ. એકાંકીના દિગ્દર્શક ડો.પ્રો. જિજ્ઞાબાનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

જિલ્લામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર હવે પ્રાંત એટલે કે ઝોનમાં આગળ જશે.

સૌરાષ્ટ્ર પ્રાંતમાં (સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ વચ્ચે) અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું

## અમરેલી જીલ્લા સહિત રાજયભરના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની પ્રક્રિયા સરળ કરો

### બાળકોને સરળતાથી શિષ્યવૃતિ મળે તે જોવુ જોઈએ

અમરેલી, તા. ૨૬

અમરેલી જીલ્લા આમઆદમી પાર્ટીએ આજે કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદન પત્રમાં જણાવેલ છે કે, સને ૨૦૨૪ – ૨૫માં ડિજીટલ ગુજરાત પોર્ટલ પર માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃચિની ઓનલાઈન દરખાસ્ત કરવામાં અનેક ટકનિકલ અને વ્યવહારિક મુશ્કેલીઓ છે જે કારણે આ કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવું અશકય છે અને પાત્રતા ધરાવતા અનેક વિદ્યાર્થીઓ ડોકયુકેન્ટ સમયસર રજૂ ન કરી શકવાના કારણે શિષ્યવૃતિથી વંચિત રહેવા સંભવ છે તો આ બાબતે ઓછામાં ઓછા ડોકયુમેન્ટ સાથે સરળતાથી લાયક વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળી રહે તે માટે શરતોમાં જરૂરી કરવા અને ઓનલાઈન પ્રોસેસમાં પણ સોફટવેરમાં એ સંબંધે સુધારા કરવા જરૂરી છે.

ચાલુ વર્ષ ૨૦૨૪ – ૨૫ થી રેશનકાર્ડમાં વિદ્યાર્થીઓનું નામ હોવું – એ પણ એમના પ્રિન્ટેડ કોડ સાથે હોવું અને આધારકાર્ડ સાથે લીંક હોવું ફરજીયાત છે.

વધુમાં જણાવેલ છે કે, આ જોગવાઈ તથા શાળાએ ડિજીટલ પોર્ટલ પર સ્ટુડન્ટ એન્ટ્રી કરતા ડેટા એનાલિસિસમાં જોવા મળ્યું છે કે ૯૦ ટકા વિદ્યાર્થીઓના આધારા કાર્ડ અને રેશનકાર્ડ લિંક નથી શાળાએ ડિજીટલ પોર્ટલ સ્ટુડનટ એન્ટ્રી કરતા ડેટા એનાલિસિસમાં જોવા મળ્યું છે કે – ૨૦ ટકા વિદ્યાર્થીઓના રેશનકાર્ડના નામ સાથે કોડ નથી પંચાયત



મારફતપેનથી સુધારી કરી ઉમેરેલા છે આધારકાર્ડ અને રેશનકાર્ડને લિંક કરવા માટે બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન કરવાનું હોવાથી વિદ્યાર્થીએ જાતે આધાર કાર્ડ સાથે લિંક મોબાઈલ લઈને ગ્રામ્ય કક્ષાએ કોમ્પ્યૂટર ઓપરેટર પાસે જવું પડે છે. (ફકત વાલી જાય તો ન ચાલે) અહીં પણ મુશ્કેલી એ છે કે દરેક ગામમાં કોમ્પ્યુટર ઓપરેટર નથી ત્યાં આટલી મોટી સંખ્યામાં એક સાથે E-KYC શકય નથી બનતું એમને સરવરના પ્રોબ્લેમ છે મોટાભાગે સાઈડમાં ટેકનિકલ ફોલ્ટ કે એરર હોય છે આથી આ વિદ્યાર્થીઓને પંચાયત તરફથી તાલુકા કક્ષાએ જવા સૂચના આપવામાં આવે છે કે ફરજ પાડવામાં આવે છે. વધુમાં જણાવેલ છે કે, આ રીતે એક વખત જાતિ પ્રમાણપત્ર માટે એક વખત આવકના દાખલા માટે એક વખત E-KYC માટે અનેક વખત બેંકમાં આધારકાર્ડ લિંક માટે PEMS એકિટવેટ કરાવવા માટે અને અધૂરામાં પુરૂ આધારકાર્ડમાં કંઈ હકીકત દોષ હોય તો એના સુધારા માટે વિદ્યાર્થીને એના વાલી સાથે તાલુકા મથકે જવાનું ફરજીયાત બને છે સરવાળે જોઈએ તો શિષ્યવૃતિમાં મળતી રકમ કરતાં પાંચ ગણી રકમ આ ધરમધકકા પાછળ ખર્ચાઈ જાય છે. એથી હવે સમજુ વાલીઓ તો શિષ્યવૃતિ લેવાની જ ના કહી દે છે.

વધુમાં જણાવેલ છે કે, વિદ્યાર્થીઓને સરળતાથી શિષ્યવૃતિ મળી રહે એ માટે શાળાએ ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ પર કરેલી ડેટા એન્ટ્રીને આધારભૂત ગણી એમાં દર્શાવેલ જ્ઞાતિ અને આર્થિક કેટેગરીને ધ્યાને લઈ ડિજીટલ ટ્રાન્જેકશનથી વિદ્યાર્થીઓના એકાઉન્ટમાં શિષ્યવૃતિ જમા આપવામાં આવે તો ખરેખર વિદ્યાર્થીઓ સાથે ન્યાય થશે. કદાચ આ પ્રકારની વ્યવસ્થામાં બે – ચાર ટકા એવા વિદ્યાર્થીઓને પણ લાભ મળી જશે જેને પાત્રતા ન હોય પણ આખરે એ નિયમિત વિદ્યાર્થીઓ જ છે અને આર્થિક પછાત વર્ગ અસ્તિત્વમાં આવતા ભાગ્ય જ અનુદાનિત કે સરકારી શાળામાં એવા વિદ્યાર્થી છે જે શિષ્યવૃતિ પાત્ર નથી તો આ બાબતે વિદ્યાર્થીઓના હિતમાં સમાજના હિતમાં શિક્ષણના હિતમાં ગંભીરતાથી વિચારવાની જરૂર છે. તેમ અંતમાં જણાવેલ છે.

### એટીવીટીની ગ્રાન્ટમાંથી

## સાવરકુંડલાનાં વીજપડી ખાતે સીસી માર્ગનું કાર્ય સંપન્ન થયું

અમરેલી, તા.૨૬

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામ એટીવિટીની ગ્રાન્ટમાંથી ૧૦૦ બ્રાસનો સીસી રોડ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું જેમાં સ્થાનિક સરપંચ ભરતભાઈ તાલુકા પંચાયત સદસ્ય વિજયભાઈ ચાવડા હરેશભાઈ ભુવા ભોળાભાઈ બલદાણીયા કાળુભાઈ જોગરાણા રાજુભાઈ બેલીમ દીપકભાઈ ચાવડા તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહી નવરાત્રી ચોકથી બહારપરા બજારનો સીસી રોડ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું વર્ષો જુના આ



પ્રશ્નનો નિકાલ કરવામાં આવ્યો છે જેથી સ્થાનિક રહીશોમાં ખુશીનો માહોલ છવાયો હતો આ સિવાય વીજપડીમાં ગટર લાઈન બ્લોક પેવિંગ જેવા કામોને હાલ અગ્રતા આપવામાં આવી રહી છે એમ અનિરૂધ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું

### ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમતથી

## સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારનાં માર્ગો માટે રૂપિયા ૧૬.૮૫ કરોડની ફાળવણી

### તાલુકા પંચાયતનાં પ્રમુખ જીતુભાઈ કાછડીયા આવકાર

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના રોડ રસ્તા સુધારણા માટે ૧૬.૮૫ કરોડની ફાળવણી કરાતાં સાવરકુંડલા લીલીયાના એકિટવ અને સતત પ્રયત્નશીલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા રહ્યા. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૬.૮૫ કરોડ વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા સુધારણા માટે મંજૂર કરવામાં આવ્યા જેમાં સાત મુખ્ય પ્રોજેકટ મંજૂરી આપવામાં આવી છે જેમાં વીજપડી થી વીજપડી રેલ્વે સ્ટેશન (૫ કી.મી) ૨.૭૫ કરોડ તેમજ લીખાળા ગાધકડા રામગઢ (૯.૬૦કી.મી) ૫.૩૦



જેવા કુલ સાત પ્રોજેકટની મંજૂરી ધારાસભ્યના પ્રયાસથી મેળવવામાં આવેલ છે તે બદલ સાવરકુંડલા તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા દ્વારા શુભેચ્છા પાઠવી આ ગ્રામ્ય વિસ્તારોના રોડ રસ્તા સુધાર થવાથી ખેડૂતો



તેમજ માલધારી તેમજ દરરોજ મુસાફરી કરતા વિદ્યાર્થીને ફાયદો મળવાનો તેમજ ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે એમ અનિઢદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ ૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.

પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ

તા.૨૭-૦૯-૨૦૨૪, શુક્રવાર

સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી

સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.



કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)

ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ

- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશકિતમાં વધારો
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને


## કળીયુગનાં માહોલમાં આદર્શ શિક્ષક એટલે રઘુ રમકડુ

# એક શિક્ષકની બદલી થઇ ને સમગ્ર ગામજનો હિબકે ચડયા

**જાફરાબાદનાં મીતીયાળા ગામનાં પ્રાથમિક શિક્ષકે ૮ વર્ષમાં સમસ્ત ગામજનોને વ્યસન મુકત કરી દીધા**

**બાળકો સાથે બાળક, યુવાનો સાથે યુવા અને વડિલો સાથે વડિલ બનીને અદ્દભૂત સેવાકાર્ય કર્યુ**

**આજે શિક્ષકની બદલી કરવા માટે આંદોલન થતાં હોય તેવા સમયે શિક્ષકની બદલી થાય અને ગામજનો નિરાશ થાય તેવી ઘટના બની**

**ગામનાં તમામ પરિવારજનોને રાઘવ કટકિયા નામનાં શિક્ષકની બદલીથી ભારે આંચકો લાગ્યો**



જાફરાબાદ, તા.૨૬

જાફરાબાદ તાલુકાનું નાનું એવું ગામ મીતીયાળા આ ગામમાં આજથી આઠ વર્ષ પહેલાં એક એવા શિક્ષક નોકરી કરવા માટે આવ્યા જેમણે સમગ્ર ગામને વ્યસન મુકત કરી દીધું અને ૮ વર્ષની પોતાની કારકિર્દી દરમિયાન તેમણે ગામને પોતાનું બનાવી દીધું. તાજેતરમાં તેમના વતનના ગામમાં શિક્ષકની બદલી થતાં મીતીયાળા ગામ ધ્રુસકે ધ્રુસકે રડયું. રાઘવ કંટકિયા નામના શિક્ષકનું નામ રઘુ (રમકડું) તરીકે જાણીતા થયા હતા. જે ગામમાં વિદ્યાર્થી પાનબિડીની પડીકી લઈ એડમિશન લેતો હતો તે ગામને વિદ્યાર્થીઓ તો ઠીક પણ ગામના હર એક વ્યકિતને વ્યસન મુકત કરી આ શિક્ષકે એક આદર્શ શિક્ષક તરીકેનું ઉમદા ઉદાહરણ પૂરૂં પાડયું હતું. આ શિક્ષક વિદ્યાર્થીઓ સાથે બેસી રમતા રમતા વિદ્યાર્થીઓના અંદાજમાં શિક્ષણ આપતા વિદ્યાર્થીઓના પરિવારના સભ્યોની જેમ રહેતા હતા. શાળામાં વિદ્યાર્થીઓને ગમતા કાર્યક્રમ, ડેકોરેશન, સ્કૂલ રૂમમાં અવારનવાર શણગાર કરતા હતા. શિક્ષકની વિદ્યાર્થીઓ સાથે સાથે ગ્રામજનોમાં પણ એટલી જ લોકપ્રિયતા હતી અને રાજય સરકારનો શિક્ષણ વિભાગ વારંવાર તેની કામગીરીને કારણે પ્રોત્સાહિત કરતો હતો. રાજુલા–જાફરાબાદ પંથકના શિક્ષણ જગતમાં રઘુ રમકડા તરીકેની પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. તેમની બદલી થતાં વિદ્યાર્થીઓએ પોતાના ઘરના સભ્યોની વિદાય થઈ હોય તેઓ માહોલ સર્જાયો હતો. આ શિક્ષકની બદલી થવાથી જાફરાબાદ તાલુકાના ગામના લોકોને મોટી ખોટ પડી હોય તેવો અફસોસ થઈ રહ્યો છે.

### મોત માટે બિસ્માર માર્ગ તો જવાબદાર નથી ને

## અમરેલીથી પાણીયા માર્ગ ઉપર બાઈકની ઉપરથી પટકાતા મહિલાનું મોત

**કાલાવાડથી પ્રૌઢ દંપત્તિ બાબાપુર ગામે જતું હોય બનાવ બન્યો**

અમરેલી, તા.૨૬

અમરેલી તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ તુટી જતાં અને રસ્તામાં ખાડા પડી જતાં છાશવારે નાના મોટા અકસ્માત સર્જાતા હોય. ત્યારે પાણીયા ગામથી અમરેલી તરફ આવતા રસ્તામાં મોટર સાયકલમાં પાછળ બેસેલ એક મહિલા

અનુસંધાન પાના ૬ ઉપર

### અજાણ્યા ટ્રેકટર ચાલકે બેફિકરાઈ દાખવતા

## ખાંભાનાં ચક્રાવા ગામનાં વાડી વિસ્તારમાં ટ્રેકટર ચાલકે હડફેટે લેતા ૧ વ્યકિતનું મૃત્યુ

**શરીરે નાની મોટી ઈજા બાદ વાસુરભાઈનું થયું મૃત્યુ**

અમરેલી, તા.૨૬

ખાંભા તાલુકાના ચક્રાવા વાડી વિસ્તારમાં રહેતા વાસુરભાઈ ભગવાનભાઈ કામળીયા તા.૨૫ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે ચક્રાવા ગામ

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારી ખાતે આવેલ ત્રીજા એડિ. સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ વિકાસ વડેરાની દલીલોના આધારે

## ચલાલામાં પરિણીતા સાથે મૈત્રી કરાર કરનાર યુવકને કાર અથડાવીને મોતને ઘાટ ઉતારનાર ૨ આરોપીઓને આજીવન કેદની સજા

**ભોગ બનનારના પિતાને રૂા. ૩.૫૦ લાખનું વળતર ચુકવવા આદેશ**

અમરેલી, તા.૨૬

ચલાલા ગામે રહેતા એક યુવકે તેજ ગામે રહેતી એક પરણિતા સાથે મૈત્રી કરાર કરેલ હોય અને જેને લઈ તે પરણીતાએ પોતાના પતિ સાથે છુટાછેડાની તજવીજ શરૂ હોય જેનો ખાર રાખી અને બદલો લેવાની ભાવનાથી તેણીના પતિ તથા ભત્રીજાએ એક સંપ કરી મૈત્રી કરનાર યુવકના મોટર સાયકલને ફોરવ્હિલ ગાડીથી ઠોકર મારી ખૂન કરવાનું ગુન્હાહિત કાવત્રુ ઘડી કાઢી હત્યા કર્યાની ષયજે–તે સમયે ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલ હતી



એડવોકેટ વિકાસ વડેરા

આ અંગેનો કેસ ધારી ખાતે આવેલ ત્રીજા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી વાળાઓની જતાં આ કામના banne આરોપીને આજીવન કેદની સજા તથા રૂપિયાર–૨ લાખના દંડની સજાનો હુકમ કરેલ છે.

આ બનાવની વિગત એવી છે કે, ચલાલા ગામે રહેતા કેતનભાઈ કાંતીભાઈ કાકડીયા નામના યુવકે તે જ ગામે રહેતી ઈલાબેન પ્રવિણભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### ૭ વર્ષથી માનસિક બીમારીનો ભોગ બન્યા બાદ

## સાવરકુંડલાનાં વૃધ્ધે જીંદગીથી કંટાળીને ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી લીધી

**મધુવન સોસાયટી ખાતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લીધો**

અમરેલી, તા.૨૬

સાવરકુંડલા ગામે આવેલ ભુવા રોડ ઉપર રહેતા અને હીરાનું કામ કરતાં મગનભાઈ પુનાભાઈ ચૌહાણ નામનાં ૬૧ વર્ષિય વૃધ્ધને છેલ્લા સાતેક વર્ષથી માનસીક બીમારી હોય અને જેની દવા પણ શરૂ હોય અને તેઓ જીંદગીથી કંટાળી જઈ તા.૨૫ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે સાવરકુંડલા મધુવન સોસાયટી ખાતે પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


Sheetal

સ્ટાફ જોઈએ છે.

અમરેલીની નામાંકિત કંપની શીતલ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ માટે અમરેલી શહેરમાં ડોર ટુ ડોર સેલ્સ-માર્કેટિંગ કરી શકે તેવા ભાઈઓ-બહેનો જોઈએ છે. રસધરાવનાર વ્યક્તિએ પોતાનું રિઝ્યુંમ નીચેઆપેલા નંબર પર મોકલ્યા પછી સંપર્ક કરવો.

95109 59957

શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ

પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601

જોઈએ છે

કોમ્પ્યુટર ઓપરેટર..........૨

CorelDraw, Photoshop, PageMaket-7,

તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦

અમરેલી એક્સપ્રેસ

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

67,500/-

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૨૬/૦૯/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


### અસહ્ય ગરમીનાં માહોલમાં રાહત

## સાવરકુંડલામાં હાથિયા નક્ષત્રમાં ધીમી ધારે મેઘરાજાનું આગમન થતાં હાશકારો

**અર્ધો ઈંચથી વધારે વરસાદ થયાનાં વાવડ**



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા વિસ્તારમાં આખરે લાંબા સમયના ઈંતેજાર બાદ ગતરાત્રિના સમયથી ધીમી ધારે વરસાદ વરસવાનું ચાલુ થયું. આમ પણ કહેવાય છે કે હાથિયા નક્ષત્રમાં વરસાદ વરસતો વરસાદ મોટેભાગે ધોધમાર હોય છે. કડાકાભડાકા સાથે વરસાદ વરસે છે. જો

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)